# ખંડેરમાં સર્ચલાઈટ

## (સાધર્મિકોની વ્યથા)



ચંદ્રકાન્ત કડિયા

પ્રકાશક

વાત્સલ્યનિધિ - અમદાવાદ

# ખંડેરમાં સર્ચલાઈટ

(સાધર્મિકોની વ્યથા)

ચંદ્રકાન્ત કડિયા

વાત્સલ્ય-નિધિ
અમદાવાદ

**લેખક** : **ચંદ્રકાન્ત કડિયા**

**પ્રકાશક** : 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ
C/o શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ,
ટી.વી. ટાવર સામે, ડ્રાઈવ-ઇન-રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૫૪

**સંવર્ધિત આવૃત્તિ : ૧૯૯૮**

**પ્રત** : ૫૦૦૦

**મૂલ્ય** : વાત્સલ્યભાવ

**કંમ્પોઝ** : શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
શાહીબાગ, અમદાવાદ.

**મુદ્રક** : ચંદ્રિકા પ્રિન્ટરી
મીરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

સ્વ. પનાલાલ ઝુમખરામ કોઠારીના

સ્મરણાર્થે

પુસ્તિકા પ્રકાશન માટે

આર્થિક સૌજન્ય

હિમાંશુભાઈ પનાલાલ કોઠારી

મલબાર વ્યુ-૨ - સી ફેઈસ

ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭

ટ્રસ્ટી ગણ

શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ

શ્રી અજયભાઈ ચીમનભાઈ

શ્રી પ્રદીપભાઈ એમ. ઝવેરી

શ્રી જિતેન્દ્ર બી. શાહ

શ્રી ચંદ્રકાન્ત કે. કડિયા

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ

C/o શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ

ટી.વી. ટાવર સામે, ડ્રાઈવ-ઇન-રોડ,

અમદાવાદ-૩૮૦ ૦૫૪

(ફોન - ૭૪૮ ૩૯ ૨૬)

સકળ શ્રીસંઘને સમર્પિત...

# વાત્સલ્ય-નિધિ

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ, ટી.વી. ટાવર સામે, ડ્રાઈવ-ઈન-રોડ,
**અમદાવાદ**-૩૮૦ ૦૫૪. **ફોન**- ૭૪૮ ૩૯ ૨૬

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટની પ્રવૃત્તિ છેલ્લાં છ વર્ષથી ચાલી રહી છે. પુસ્તિકામાં જે કુટુંબોનું વર્ણન કરવામાં આવ્યું છે તેવાં આશરે ૪૪ કુટુંબોને દર મહિને રૂ. ૫૦૦/- થી રૂ. ૭૦૦/- સુધીની રકમ ટ્રસ્ટ તરફથી નિયમિત પહોંચાડવામાં આવે છે. આવા મંગલકાર્ય માટે ૬૦ થી વધુ સમર્પિત કાર્યકરોની સેવાઓ ઉપલબ્ધ બની છે. કેટલાંક દંપતીઓ પણ આ સેવા કાર્યમાં જોડાયાં છે. તેઓ દર મહિને નિયમિત આ કુટુંબોની મુલાકાત લે છે અને કુટુંબની જરૂરિયાતોની વ્યવસ્થા કરે છે.

ઈ૦સ૦ ૧૯૯૨માં ટ્રસ્ટની આ પ્રવૃત્તિની શરૂઆત થઈ, ત્યારે શરૂઆતમાં આશરે ૨૫ કુટુંબોને દર મહિને રૂ. ૩૦૦/- થી રૂ. ૫૦૦/- સુધીની રકમ પહોંચાડવામાં આવતી હતી. ધીમે-ધીમે આ પ્રવૃત્તિનો વ્યાપ વધતો ગયો અને સાથે સાથે મોંઘવારી પણ વધતી ગઈ. જૈન સમાજના જુદા-જુદા વર્ગોમાંથી તથા કેટલીક સંસ્થાઓ દ્વારા પણ આ પ્રવૃત્તિને વેગ મળે તે માટે દાનસ્વરૂપે રકમો ઉપલબ્ધ થતી ગઈ. વ્યક્તિગત સ્વરૂપે રૂ.૧૦૦/- ની રકમથી માંડીને રૂ. એક લાખથી પણ વધુ રકમ સુધીનું દાન પ્રાપ્ત થતું ગયું.

જેમ જેમ ફંડ આવતું ગયું તેમ તેમ કુટુંબોની સંખ્યા તથા દર મહિને મોકલવાની રકમ-બંને વધતાં ગયાં. આજે આશરે ૪૪ કુટુંબોને દર મહિને રૂ.૫૦૦/- થી રૂ.૭૦૦/- સુધીની રકમ નિયમિત પહોંચાડવામાં આવે છે. સતત છ વર્ષથી આ પ્રવૃત્તિ એકધારી ચાલી રહી છે.

જે કુટુંબને એક વાર મદદ આપવાનું શરૂ કરવામાં આવે છે તે કુટુંબને કાયમ માટે મદદ પહોંચાડવાનો ક્રમ ચાલુ રહે છે. વૃદ્ધ અને ઘણી મોટી ઉંમરની વ્યક્તિઓ હોવાને કારણે આ છ વર્ષ દરમ્યાન કેટલાંકના મૃત્યુ પણ થઈ ગયાં. છેલ્લા છ વર્ષ દરમ્યાન એવી ૧૮ વ્યક્તિઓ મૃત્યુ પામી.

ધીમે ધીમે કુટુંબોની સંખ્યા વધતી જાય છે અને મોંઘવારી પણ વધતી જાય છે જેને કારણે વધુ ને વધુ ફંડની જરૂર ઊભી થતી જાય છે.

અમદાવાદના વિવિધ વિસ્તારો જેવા કે ઓઢવ, કૃષ્ણનગર, સૈજપુર બોઘા, નરોડા, મણિનગર, બહેરામપુરા, સરસપુર, ગોમતીપુર, અમરાઈવાડી, સોલારોડ, ગોતા, જીવરાજપાર્ક, પાલડી, વાસણા, તથા અમદાવાદ શહેરનો સમગ્ર કોટ વિસ્તાર ઉપરાંત સાબરમતી, ચાંદખેડા વગેરે વિસ્તારોનાં કુટુંબોને આવરી લેવામાં આવ્યાં છે.

# આમુખ

આ પુસ્તિકામાં 'સ્વાતિબહેન' તથા 'કરુણાબહેન'ની જે ઘટના નિરૂપવામાં આવી છે તે નોંધ ૧૯૮૯ના જૂન માસમાં મેં શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈને મોકલી. તેઓએ નોંધ વાંચી. સંજોગવશાત્ મારે બીજા જ દિવસે અન્ય કોઈ કામ માટે તેઓશ્રીને રૂબરૂ મળવા જવાનું થયું. ત્યારે મને કહે, : "ચંદ્રકાન્તભાઈ ! તમે મારી આંખમાંથી આંસુ પડાવો છો."

તે સમયે તેઓએ મને કહ્યું હતું કે આવી થોડીક વધારે નોંધ તૈયાર કરીને પુસ્તિકા તૈયાર કરવી જોઈએ. અને છપાવીને લોકો સુધી પહોંચાડવી જોઈએ.

એ સમયે આ વિચારનું બીજ રોપાઈ જ ગયું હતું. સંજોગવશાત્ એ કામ અધુરૂં રહ્યું.

ત્રણ વર્ષ બાદ ફરી જુલાઈ ૧૯૯૨માં સાધર્મિકોની આર્થિક મોજણીનું કાર્ય શરૂ થયું. ત્યારે આવા કુટુંબોની મુલાકાત લેવાનો પ્રસંગ ઊભો થયો. ૧૯૮૯માં અધુરૂ રહેલું કાર્ય આગળ ચાલ્યું. મુલાકાત લેવાનું શરૂ કર્યું. અને નોંધો તૈયાર થવા માંડી અને તેમાંથી **'ખંડેરમાં સર્ચલાઈટ'**નું સર્જન થયું.

'ખંડેરમાં સર્ચલાઇટ' પુસ્તિકાનું પ્રકાશન સૌ પ્રથમ ઑગસ્ટ '૯૨-માં થયું હતું. અને તે સમયે 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટની સ્થાપના થઈ. શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ 'વાત્સલ્ય-નિધિ'ના મુખ્ય ટ્રસ્ટી છે.

પુસ્તિકામાં પ્રસિદ્ધ થયેલી તમામ નોંધોમાં જે પાત્રો છે તે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો છે. માત્ર નામમાં જ ફેરફાર કર્યો છે. સ્થળોનો અછડતો ઉલ્લેખ કર્યો છે. બાકીની તમામ વિગતો અક્ષરશઃ સાચી છે. આ તમામ નોંધો સત્ય ઘટનાઓ છે. ઔચિત્ય જાળવવા માટે જ નામ બદલવામાં આવ્યાં છે.

આ પુસ્તિકામાં કેટલાક જૂના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે અને તે પ્રસંગોનાં પાત્રો વિશે ત્યાર પછીનાં છ વર્ષ દરમ્યાનની માહિતી ઉમેરવામાં આવી છે. ઑગસ્ટ '૯૨ માં પ્રસિદ્ધ થયેલી 'ખંડેરમાં સર્ચલાઇટ'

પુસ્તિકામાં 'સ્વાતિબહેન', 'સુમતિભાઈ', 'કરુણાબહેન' તથા 'ગુણીબહેન'ના પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. તે કુટુંબોની ત્યાર પછીની પરિસ્થિતિનું તથા 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના ઉપક્રમે જે કામગીરી બજાવવામાં આવી તેનો થોડોક અણસાર આપવામાં આવ્યો છે. તે સિવાયના કેટલાક નવા પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટે છ વર્ષ દરમ્યાન સાતત્યપૂર્વક જે પ્રવૃત્તિ કરી છે તેનો અણસાર આપવાનો આ એક નમ્ર પ્રયાસ છે. જૈન સમાજને પ્રવૃત્તિની આછેરી જાણકારી પ્રાપ્ત થાય તે હેતુ ઉપરાંત વિશેષતઃ તો આવાં કુટુંબો પ્રત્યે સમભાવ-મમભાવ વધે... આ તમામ ઘટનાઓની કોઈ મીમાંસા કરી નથી. આલંકારિક ભાષાનો ઉપયોગ કર્યો નથી. પિષ્ટ-પેષણ કર્યું નથી. કલ્પનાના રંગો ઉમેર્યા નથી. ઘણું બધું કહેવાનું મન થાય તેવાં અનેક બિંદુઓ પર કલમને સંયમમાં રાખવી પડી છે.

કાળની ઝાપટમાં મોટા મોટા મહેલ ધીમે-ધીમે ખંડેર બની જાય છે. ખંડેર પાસેથી પસાર થનાર વ્યક્તિને મહેલની કલ્પના આવી શકે છે. ખંડેરનું વર્તમાન સ્વરૂપ જોઈ શકે છે. મહેલમાંથી ખંડેર બનવાનાં કારણોની આછેરી અને અધૂરી કલ્પના પણ કરી શકે છે. પરંતુ કાળના ફલક પર એ સમગ્ર પ્રક્રિયા એકસાથે આત્મસાત્ થઈ શકતી નથી.

એવું જ માનવ જીવનનું છે. આપણી આજુબાજુ અનેક લોકો દુઃખી હોય છે. વિષમ પરિસ્થિતિમાં જ જીવન પસાર કરતા હોય છે. કેટલીક વ્યક્તિઓના ભવ્ય ભૂતકાળની આપણને જાણ પણ હોય છે. ખંડેરમાં પથરાયેલો વર્તમાન પણ આપણી આંખ સમક્ષ હોય છે. તેમ છતાં આપણી સંવેદનશીલતા જાગ્રત થતી નથી. જો તે સમગ્ર પ્રક્રિયા તેના પૂર્ણ-યથાર્થ સ્વરૂપે કોઈ એક ક્ષણમાં જ આપણે આત્મસાત્ કરીએ – કરી શકીએ તો કદાચ સંવેદનશીલતા જાગ્રત થાય.

જૈન સમાજના અંધારા ખૂણામાં પડેલાં, એકાકી જીવન જીવતાં-આ પાત્રો આપણને સ્પષ્ટ દેખાતાં નથી. તેના પર આ 'સર્ચલાઈટ' છે.

જૈન સમાજનું સૌને યથાર્થ દર્શન થાય એ જ અભિગમ છે. આ સત્ય ઘટનાઓ વાંચીને સૌ પોતપોતાની રીતે વિચાર કરે, મનન-મંથન કરે, સંવેદન અનુભવે, ભીતરમાં 'વાત્સલ્ય' ભાવ પ્રગટે... અને શક્ય હોય તે સક્રિય બને.....

# સ્વાતિબહેન

(૧૯૮૯)

કચ્છ-ભદ્રેશ્વરની પંચતીર્થીઓમાંનું એક તીર્થ. તીર્થના એ ગામમાં જ આજથી બોતેર વર્ષ અગાઉ એક બાલિકાનો જન્મ થયો. તીર્થસ્થળમાં જ જન્મ થયો હોવાના કારણે ઘરમાં જૈન સંસ્કારનું ખૂબ જ સુંદર વાતાવરણ હતું. ઘરની સ્થિતિ સામાન્ય હતી. બાલિકાને આપણે 'સ્વાતિ'ના નામથી ઓળખીશું.

સ્વાતિની ઉંમર માત્ર ૧૦ મહિનાની હતી ત્યારે પિતાનું મૃત્યુ થયું. તે સમયે સ્વાતિથી બે વર્ષ મોટી ઉંમરનો તેનો ભાઈ હતો અને વિધવા બા કે જેમની ઉંમર માત્ર ઓગણીસ વર્ષની હતી. સ્વાતિની ઉંમર જ્યારે આઠ વર્ષની હતી ત્યારે પાંત્રીસ વર્ષની ઉંમરના એક પુરુષ સાથે તેનાં લગ્ન થયાં. પુરુષના બીજી વારનાં આ લગ્ન હતાં. તેર વર્ષની ઉંમરે સ્વાતિ સાસરે રહેવા આવી. લગ્નજીવનના બાર વર્ષ પસાર થયાં... પરંતુ કોઈ બાળક થયું નહીં ! માત્ર પચીસ વર્ષની ઉંમરે તો સ્વાતિબહેન વિધવા થયાં !

સ્વાતિના મોટાભાઈ તથા વિધવા માએ અમદાવાદના હાર્દ સમા રિલીફ રોડ નજીકની એક પોળની ચાલીમાં નાનકડી ભાડાની રૂમમાં રહેવાનું શરૂ કર્યું. સ્વાતિબેનના બા ખૂબ જ નીડર અને હિંમતવાન નારી હતાં. આપણો દેશ સ્વતંત્ર થયો એ પહેલાં અમદાવાદનાં કોમી રમખાણોમાં સ્વાતિબહેનનાં બા, એ વિસ્તારના તમામ લોકોની હૂંફ સમાન હતાં. એ વિસ્તારનું સમગ્ર નાકું એ નીડર મહિલા સાચવતી હતી, અને વિસ્તારનાં સહુને અભયનું દાન આપતી હતી.

આજથી વીસ વર્ષ પહેલાં (૧૯૬૯માં) એટલે કે સ્વાતિબહેનની ઉંમર આશરે બાવન વર્ષની હતી ત્યારે તેમનાં બા પણ ગુજરી ગયાં. હવે રહ્યા માત્ર એક સ્વાતિબહેનના મોટાભાઈ, જેઓ નરમ સ્વભાવના, અશક્ત અને જિંદગીથી હતાશ થયેલા હતા. નાનાંમોટાં છૂટાંછવાયાં કામ કરીને એમના મોટાભાઈ એક ટંક ખાવા પૂરતું રળી લેતા. આજથી પાંચ વર્ષ પહેલાં એ મોટાભાઈને પગનો અકસ્માત થયો. પગે અપંગ થઈ ગયા. શરીર ધીમે ધીમે ઘસાતું ગયું. સ્વાતિબહેને પોતાના ભાઈની પાંચ મહિના સેવા કરી. ભાઈની પાંચ મહિનાની માંદગીમાં સ્વાતિબહેન પાસે રહેલી

સોનાની છેલ્લી બંગડીઓ પણ વેચાઈ ગઈ. ભાઈના જ્યારે અંતિમ દિવસો પસાર થઈ રહ્યા હતા ત્યારે ભાઈના જીવતાં જ સ્વાતિબહેને રૂપિયા એક હજારની રકમના પુણ્યનું વચન ભાઈને આપ્યું. જ્યારે છેલ્લો દિવસ હતો ત્યારે ભાઈની ઇચ્છા જાણી કે પુણ્યની રકમ ક્યાં વાપરવી ? વતનના એ તીર્થમાં જ્યાં ભોજનશાળા ચાલે છે તે ભોજનશાળામાં તથા ત્યાંના શાંતિનાથ ભગવાનના દેરાસરમાં પુણ્યની રકમ વાપરવાની ઇચ્છા ભાઈએ પ્રગટ કરી. ત્યારબાદ ખૂબ જ શાંતિથી સ્વાતિબહેનના ભાઈએ દેહ છોડ્યો.

સ્વાતિબહેન આજે જે ચાલીમાં બીજે માળ રહે છે ત્યાં આજુબાજુ વૈષ્ણવો તથા મારવાડી ગરીબ જૈન કુટુંબોની નાની નાની ઓરડીઓ છે. તે સૌએ સ્વાતિબહેનના ભાઈના અગ્નિસંસ્કારનો ખર્ચ ઉપાડી લીધો. ભાઈનું મૃત્યુ થયું ત્યારે સ્વાતિબહેનના ઘરમાં પાંચ રૂપિયાથી વધુ રકમ ન હતી. મૃત્યુ પછીનો આખોય પ્રસંગ પાડોશીઓના સહકારથી અને ભલી લાગણીથી પાર પડ્યો. ત્યાર બાદ વેચેલા દાગીનામાંથી જે રકમ આવવાની બાકી હતી તે છેલ્લી એક હજાર રૂપિયાની રકમ લઈને સ્વાતિબહેન આવા વિષમ સંજોગોમાં પણ પોતાના વતન ગયાં અને ભાઈની ઇચ્છા પ્રમાણે પુણ્યની રકમ વાપરી પાછા અમદાવાદ આવ્યાં. ભાઈના મૃત્યુ સમયે પાડોશમાંથી કોઈએ સાધર્મિક ભક્તિથી સ્વાતિબહેનને બસ્સો રૂપિયા આપ્યા હશે. તે બસો રૂપિયા પાડોશીઓને તેઓ પાછા આપવા લાગ્યા. આ સમયે સ્વાતિબહેનની આંખમાં આંસુ છે. આ સમૃદ્ધ હૃદયવાળી નારીનાં દર્શન કરીને પાડોશીઓના દિલ પણ ભરાઈ આવે છે. પાડોશીઓ પૈસા લેવાની ના પાડે છે. સ્વાતિબહેનની આંખમાં વધુ આંસુ ઊભરાઈ રહ્યાં છે. જીવનભરની આર્થિક વિષમતા જાણે નિચોવાઈને સ્વાતિબહેનની આંખમાંથી આંસુરૂપે બહાર આવે છે.

પડોશીઓમાંની કોઈ એક પચીસ વર્ષની ઉંમરની સ્ત્રી વાતાવરણને હળવું કરવા માટે સ્વાતિબહેનને હસાવવાનો પ્રયત્ન કરે છે અને કહે છે કે, "સ્વાતિ બા, સહેજ પણ ચિંતા ના કરો. તમને કાંઈ થશે ને, તો તમને પણ આ રીતે જ પહોંચાડી આપીશું." સ્વાતિબહેન હસે છે અને રડે છે.

આજે સ્વાતિબહેનની ઉંમર બોતેર વર્ષની છે. કોઈ એક શુભેચ્છક ભાઈએ બીજે માળની ચાલીની એ રૂમમાં પોતાના ખર્ચે પાણીનો હેન્ડ-પંપ લગાવી આપ્યો છે. ધીમે ધીમે સ્વાતિબહેન રોજ સવારે એ હેન્ડ-પંપ ચલાવે

છે. પોતાના ખપ પૂરતું પાણી ભરી લે છે. જાતે રસોઈ કરે છે, જાતે પોતાનાં કપડાં-વાસણ કરે છે. કમરથી વાકાં વળી ગયાં છે. આંખનાં અજવાળાં ઓછાં થઈ ગયાં છે.

પોતાના ભૂતકાળને યાદ કરે છે. સોળ વર્ષની ઉંમરે કરેલી જૂનાગઢની જાત્રા અને ત્રીસ વર્ષની ઉંમરે કરેલી આબૂ-અંબાજી-કેસરિયાજીની યાત્રાને સ્મૃતિમાં વાગોળ્યા કરે છે. પાલિતાણાની યાત્રા તો ઘણી વાર થઈ છે. રોજ બે-ત્રણ સામાયિક કરે છે. વતનના દેરાસરના મૂળનાયક શાંતિનાથ ભગવાનનું રોજ સ્મરણ કરે છે.

આજે તદ્દન એકાકી જીવન પસાર કરી રહ્યાં છે. આજે તેમનું પોતાનું સગું કહેવાય તેવું કોઈ જ રહ્યું નથી. એક પણ રૂપિયાની આવક નથી. કોઈના ને કોઈના સહારેથી જીવતર ધીમે ધીમે ટૂંકું કરી રહ્યાં છે. અને છતાંય તેમના પ્રેમાળ અને હસમુખા ચહેરા પર કોઈના માટે ફરિયાદ નથી. તેઓએ રૂબરૂ મુલાકાત લેનાર આ લખનારને કહ્યું, “બેટા, હું કોઈની પાસે હાથ લંબાવતી નથી. પૈસા માંગતી નથી. અને તેમ છતાંય કોઈ પ્રેમપૂર્વક પૈસા આપે છે, તો હું સ્વીકારી લઉં છું. ના નથી પાડતી. જે ભગવાને મને આ સંજોગોમાં રાખી છે તે ભગવાન જ કોઈને મદદ કરવા માટે મોકલતો હોય તો હું ના કઈ રીતે પાડું ? સંજોગોને મેં સ્વીકારી લીધા છે અને ભગવાનનું કોઈ પ્રતિનિધિ આવી પડે તો તેને પણ સ્વીકારી લઉં છું.” મુલાકાત લેનાર આ લેખક જ્યારે સ્વાતિબહેનની રજા માંગે છે ત્યારે સ્વાતિબહેન **“જય જિનેન્દ્ર”** કહીને રજા આપે છે.

## સ્વાતિબહેન
## (૧૯૯૬)

ઉપર જણાવેલ ઘટના સ્વાતિબહેનના જીવનમાં ૧૯૮૯ દરમ્યાનની છે. હવે ૧૯૯૬માં સાત વર્ષ દરમ્યાન વ્યક્તિગત પ્રયત્નો તથા વાત્સલ્યનિધિ ટ્રસ્ટ દ્વારા જે કાર્ય થઈ રહ્યું છે તેની વીગતો તથા સ્વાતિબહેનનું આજનું જીવન કઈ રીતે પસાર થઈ રહ્યું છે તેનું બયાન નીચે મુજબ છે.

શરૂઆતમાં “સ્વાતિબહેન”ને વ્યક્તિગત પ્રયાસોથી રકમ નિયમિત દર મહિને પહોંચાડવામાં આવતી. ૧૯૯૨થી વાત્સલ્ય-નિધિ ટ્રસ્ટ દ્વારા

નિયમિત રકમ પહોંચાડવામાં આવે છે. શરૂઆતમાં રૂ. ૩૦૦/- ત્યાર બાદ રૂ. ૪૦૦/- અને હવે રૂ. ૫૦૦/-ની રકમ નિયમિત દર મહિને પહોંચાડવામાં આવે છે. ઉપરાંત જ્યારે જ્યારે દવા વગેરેનો વધુ ખર્ચ આવે ત્યારે વિશેષ રકમ પણ પહોંચાડવામાં આવે છે.

વાત્સલ્ય-નિધિ ટ્રસ્ટના ઉપક્રમે એક સેવાભાવી દંપતી નિયમિત રીતે "સ્વાતિબહેન"ના સંપર્કમાં રહીને કાળજી રાખે છે. આ સેવાભાવી દંપતી "સ્વાતિબહેન"ના ઘરેથી પાંચ-સાત મિનિટના અંતરે જ રહે છે. છેલ્લાં સાત વર્ષથી આ દંપતી તથા તેમનાં બાળકો સાથેનો સંબંધ "સ્વાતિબહેન"ના જીવનમાં એક નવું પરિમાણ લાવી શક્યો છે. સ્વાતિબહેને આ દંપતીને પોતાનાં દીકરી-જમાઈ બનાવ્યાં છે. પોતાનાં આ દીકરી-જમાઈનાં બાળકોને દિવાળીમાં સ્વાતિબહેન બોણી પણ આપે છે ! સેવાભાવી આ દંપતીને પણ આ સંબંધ સાર્થકતા અને ધન્યતાનો અનુભવ કરાવે છે. આ સંબંધ નવી ક્ષિતિજોને ખુલ્લી કરે છે. સેવાભાવી દંપતીને શુદ્ધપૂર્ણ આનંદનો અનુભવ થઈ રહ્યો છે.

પણ હવે...છેલ્લાં સાત વર્ષથી ધીમે ધીમે સ્વાતિબહેનની તબિયત વધુ લથડતી જાય છે. ઉંમર આશરે ૭૯-૮૦ વર્ષની થઈ છે...પીવાના પાણીનો પેલો હેન્ડ-પંપ ચલાવી શકાય તેવી શક્તિ નથી. આંખનાં અજવાળાં હવે ધીમે ધીમે ખલાસ થવાની એંધાણીઓ આવી ગઈ છે ! ક્યારેક ક્યારેક ભાન પણ રહેતું નથી. રસોઈ જાતે બનાવવાની શક્તિ રહી જ નથી. ચાલીના મકાનના અન્ય એક કુટુંબમાંથી એક ટંકના ટિફિનની વ્યવસ્થા થઈ છે...યાદશક્તિ પણ ઘટવા માંડી છે...સામાયિકમાં સ્થિર બેસી શકાતું નથી, મનમાં નવકારનો જાપ કરે છે. ઘરની પાસે આવેલા માણિભદ્રવીરના સ્થાનકમાં ક્યારેક મહાપરાણે કોઈના ટેકાથી દર્શન કરવા જાય છે... પોતાનો ભૂતકાળ પણ હવે સ્મૃતિમાંથી ધીમે ધીમે અદૃશ્ય થઈ રહ્યો છે.

વાત્સલ્યનિધિ ટ્રસ્ટ દ્વારા સતત નિયમિત રીતે કાળજી રાખવામાં આવી હોવાથી આર્થિક દૃષ્ટિએ ભવિષ્યની કોઈ ચિંતા રહી નથી. હજુ દિવસમાં થોડોક સમય પણ સમતાપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ-રટણ કરી શકે છે... ક્યારેક પોતાના વતનના દહેરાસરમાં બિરાજમાન શાંતિનાથ ભગવાનની પ્રતિમાને પણ સ્મરણમાં લાવી શકે છે...

## સ્વાતિબહેન

### (ઈ૰ સ૰ ૧૯૯૮)

સ્વાતિબહેનની ઉંમર ૮૧-૮૨ વર્ષની થઈ ગઈ છે. તબિયત સાવ કથળી ગઈ છે. મગજ પણ નબળું પડી ગયું છે. હવે તો કપડાં પહેરવા ઓઢવાનું ભાન પણ રહેતું નથી. ઓરડીમાં જ્યાં બેઠાં હોય ત્યાં પેશાબ પણ થઈ જાય છે. ચાલીના આડોશી-પડોશીઓ શક્ય તેટલી કાળજી રાખે છે પરંતુ દિવસ દરમ્યાન સતત ૨૪ કલાક ધ્યાન રાખવું શક્ય બનતું નથી. ત્રણ માળની એ ખખડધજ ચાલીની નાની-નાની દરેક રૂમો જેને માલિકીના ધોરણે જોઈતી હોય તેને આપી દેવામાં આવે છે. સ્વાતિ બા ચાલીમાં બીજે માળની ઓરડીમાં રહેતાં હતાં. ત્રીજા માળની એક ઓરડીમાં થોડાક સમય પહેલાં જ એક મારવાડી અજૈન દંપતી રહેવા આવ્યું છે. તેઓને બે નાનાં બાળકો છે. ભાઈ નાનકડો ધંધો કરે છે. ચાલીના આજુબાજુનાં જે પાંચ-સાત કુટુંબો સ્વાતિબહેનની દેખરેખ રાખતાં હતાં તે સૌનો આ નવું આવેલું દંપતી સંપર્ક કરે છે. સ્વાતિબાની ગંભીર માંદગીમાં સારી સેવાચાકરી અને દેખભાળ થઈ શકે તે માટે સૌ ભેગા મળીને એક વ્યવહારુ ઉકેલ લાવે છે. સ્વાતિબા જે ઓરડીમાં રહેતાં હતાં તે ઓરડી માલિકીના ધોરણે મકાનના, મૂળ માલિક પાસેથી આ નવદંપતીને મળે તેવી વ્યવસ્થા થઈ અને સ્વાતિબા જીવે ત્યાં સુધી આ નવદંપતીએ તેમની સેવાચાકરી કરવાની ભાવના પ્રગટ કરી. તે માત્ર ભાવના જ ન હતી પરંતુ તેની ભીતરમાં સ્વાતિબાની સેવા-ચાકરી કરવાનો એ દંપતીનો દૃઢસંકલ્પ હતો તેવી સૌને પ્રતીતિ થઈ. 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના ઉપક્રમે જે સેવાભાવી દંપતી તેમની નિયમિત મુલાકાત લેતું હતું તેઓને પણ આ વાત જણાવવામાં આવી અને સ્વાતિબાને જીવનના અંત સમયે જાણે દીકરો અને વહુ મળ્યાં !

એ મારવાડી અજૈન કુટુંબે સ્વાતિબાને પોતાના જ કુટુંબના એક સભ્ય તરીકે સ્વીકારી લીધા-સમાવી લીધાં. બે નાનાં બાળકોને સ્વાતિબાની માયા લાગી. સ્વાતિબાને પણ એ નાનાં બે બાળકોની માયા લાગી. 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ દ્વારા નિયમિત રીતે દર મહિને રકમ મોકલવામાં આવતી હતી. ઉપરાંત તેમની માંદગીને કારણે દવાનો જે કાંઈ પણ ખર્ચ થાય તે રકમ પણ મોકલવામાં આવતી હતી.....

૧૮/૫/૧૯૯૮—વૈશાખ વદ સાતમ—સોમવાર-સ્વાતિબાના જીવનનો

એ છેલ્લો દિવસ....

ચાલીના આડોશી-પડોશીઓ સ્વાતિબાને નવકાર સંભળાવી રહ્યાં છે. અને ધીમે ધીમે ખૂબ જ શાંતિથી સ્વાતિબા દેહ છોડે છે. ચાલીના આડોશી-પડોશીઓ તુરત જ 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના સમર્પિત કાર્યકર ભાઈને સંદેશો પહોંચાડે છે. આ કાર્યકરભાઈ તથા તેમની પત્ની સતત નવ વર્ષ સુધી નિયમિત સ્વાતિબાના સંપર્કમાં રહ્યાં છે. તેઓ તથા તેમના કુટુંબનો તેમની સાથેનો આ સંબંધ પણ અપૂર્વ બની રહ્યો કારણ કે ચાલીનાં સૌ ભાઈ-બહેનોએ એ કાર્યકરભાઈને આગ્રહ કર્યો કે "સૌથી પહેલી કાંધ તમે આપો" અને એ કાર્યકરભાઈએ પોતે જ સૌ પ્રથમ કાંધ આપી.

શાસનદેવ સ્વાતિબાના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.....

# સુમતિભાઈ

(ઈ૦ સ૦ ૧૯૯૨)

અમદાવાદથી ૨૦-૨૫ કિલોમીટર દૂર આજથી ૬૪ વર્ષ પહેલાં એક નાનકડા ગામમાં તેમનો જન્મ થયો. આપણે તેમને સુમતિભાઈના નામથી ઓળખીશું. સુમતિભાઈના પિતા ગામમાં ધીરધારનો ધંધો કરતા હતા.

સુમતિભાઈનો અભ્યાસ ગામથી થોડેક દૂર એક મોટા ગામમાં, ડભોડા નામના ગામની આસપાસની સ્કૂલમાં શરૂ થયો. આઠ ધોરણ સુધીનો અભ્યાસ થયો. તે સમયે ત્યાંના ઉપાશ્રયમાં બે સાધુ ભગવંતોનો પ્રભાવ સુમતિભાઈના જીવન પર ઘણો પડ્યો હતો. આજે તો તે સાધુ ભગવંતોના નામ તેમને બરાબર યાદ નથી. પરંતુ શ્રી મિત્રવિજયજી મહારાજ તથા શ્રી સંતોષવિજય મહારાજના નામનો આછેરો ખ્યાલ છે. ઉપાશ્રયમાં સુમતિભાઈ તેમના બે-ત્રણ મિત્રો સાથે રાત્રે પણ રહેતા. સાધુ ભગવંતોનો એ સમયનો બોધ આજે તો તેમના જીવનનું સંભારણું બની ગયું છે.

પિતાને ધીરધારના ધંધામાં મોટી ખોટ આવી. મોટી રકમો ફસાઈ ગઈ. તે સંજોગોમાં પિતાનો સૌથી મોટો પુત્ર હોઈને સુમતિભાઈ સૌ પ્રથમ અમદાવાદમાં નોકરી કરવા આવ્યો. સુમતિભાઈએ મામાની દુકાને નોકરી શરૂ કરી. શાહપુરની જૈન વસ્તીવાળી પોળમાં રૂ. ૧૫/-ના ભાડાથી મકાન લીધું.

મામાને ત્યાં શરૂઆતના છ મહિના વગર પગારે કામ કર્યું ! ત્યારબાદ રૂ. ૨૦/- ના પગારથી શરૂઆત થઈ. દસ વર્ષની સખત મહેનત અને અણિશુદ્ધ પ્રમાણિકતા દાખવ્યા બાદ પણ રૂ. ૨૦૦/-ના પગારની ટોચમર્યાદા આવી ગઈ !

અમદાવાદમાં ધીમે ધીમે આખા કુટુંબને બોલાવી લીધેલું. માતા-પિતા તથા બે નાના ભાઈઓ હતા. સુમતિભાઈનાં લગ્ન થયાં. પત્નીને સુશીલાબહેનના નામથી આપણે ઓળખીશું. વચલો ભાઈ ટાઈપનું કામ કરે. ભદ્ર કોર્ટના ઓટલા પર બેસે – સારા સંબંધો થયા, કામ સારું મળે. સૌથી નાનો ભાઈ સારું ભણ્યો. સારી જગ્યાએ સ્થિર થયો.

સુમતિભાઈની ૩૫ વર્ષની ઉંમર થઈ ત્યારે વચલો ભાઈ ગંભીર માંદગીમાં પટકાયો ! અને અઠવાડિયાની જ ટૂંકી માંદગીમાં મૃત્યુ પામ્યો. વચલાભાઈનું ટાઈપનું કામ સુમતિભાઈએ ઉપાડી લીધું. તે અગાઉ થોડું થોડું ટાઈપનું કામ સુમતિભાઈ ઘેર કરતાં હતા. જે સારા કાયમના ગ્રાહકો હતા તેઓએ કામ આપવાનું ચાલુ રાખ્યું. અને તેથી રૂ. ૨૦૦/-ની ટોચમર્યાદાવાળી પગારની નોકરી છોડી.

દરમ્યાનમાં નાના ભાઈનાં લગ્ન થઈ ગયેલાં. નાનો ભાઈ સારું કમાતો હતો. શાહપુરની પોળનું રૂ. ૧૫/-ના ભાડાવાળું મકાન હવે નાનું પડવા માંડ્યું. પિતાનો ઉગ્ર સ્વભાવ તથા અન્ય કેટલાંક કારણોને લીધે સુમતિભાઈને રૂ. ૧૫/-ના ભાડાનું એ મકાન છોડવું પડ્યું કે છોડ્યું. !

...હવે સુમતિભાઈ અને સુશીલાબેન સ્ટેડિયમ વિસ્તારની એક સોસાયટીમાં એક નાનકડી રૂમમાં રહેવા લાગ્યાં. રૂમનું ભાડું રૂ. ૪૦/-. ચાર પાંચ વર્ષ ત્યાં રહ્યાં. મકાન માલિકની છોકરીને તે મકાન તેના પિતા તરફથી ભેટમાં મળ્યું. છોકરીને લગ્ન પછી રહેવા માટે મકાનની મુશ્કેલી હતી. મકાન ખાલી કર્યું. તે જ વિસ્તારની બીજી એક સોસાયટીના બંગલાના પાછળના ભાગની એક નાનકડી રૂમમાં છેલ્લાં પંદર વર્ષથી સુમતિભાઈ-સુશીલાબહેન રહે છે. રૂમનું ભાડું આજે રૂ. ૭૫/- છે.

સુમતિભાઈ-સુશીલાબહેનને કોઈ બાળક થયું નથી. ટાઈપનું કામ કરીને નિર્વાહ ચલાવી શકાતો. ધીમે ધીમે થોડી બચત થવા માંડી. વધુ મહેનત કરીને પણ બચત કરવા લાગ્યા. દિવસો સારી રીતે પસાર થતા હતા.

ઘણાં વર્ષોથી ભાવના હતી કે, અઠ્ઠાઈ તપ કરવું. બન્ને જણે છઠ્ઠ-અઠ્ઠમ તો ઘણાં કર્યાં હતાં. પરંતુ અઠ્ઠાઈ થઈ શકતી ન હતી. અઠ્ઠાઈ તપની ભાવનાથી પર્યુષણના પર્વમાં પહેલા ચાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. આરાધના સરસ ચાલી રહી હતી. ચોથા દિવસે સંધ્યાકાળે તો બન્ને વિચારે છે કે આવતી કાલે બીજા ચાર ઉપવાસનું પચ્ચક્ખાણ લઈશું. રાત્રે ઊંઘ પણ બન્નેને સારી આવી. વહેલી પરોઢે ચાર વાગ્યે સુમતિભાઈ રૂમની બહાર જવા માટે નીકળ્યા, પણ અચાનક શું થઈ ગયું ? તેમને ખૂબ જ ચક્કર આવ્યા. ભોંય પડી ગયા. બે કલાક તો ત્યાં બેભાન પડ્યા રહ્યા ! પછી સૌને ખબર પડી...

...જમણા પગના થાપાનું ફ્રેક્ચર ! આ ઘટના આજથી પાંચ વર્ષ પહેલાં બની ! એક ખાનગી ઓર્થોપેડિક સર્જનના દવાખાનામાં ૧૬ દિવસ સારવાર લેવી પડી. થાપાનો બૉલ તૂટી ગયો હતો. સાતથી આઠ હજાર રૂપિયાનો ખર્ચ થયો... અઠ્ઠાઈની આરાધનામાં ભંગ પડ્યો. બન્નેની ઇચ્છા અધૂરી રહી... આજે પણ તે વાતનો વસવસો સૌથી વધુ છે. હવે ક્યારેય તે ઇચ્છા પૂરી નહિ થાય તે વિચારતાં સુશીલાબહેન તો સાવ ભાંગી પડે છે!

સમય પસાર થયો... પગે રાહત થઈ. કાળજીપૂર્વક ચાલવું પડે. સાથે લાકડી રાખવી પડે. પણ વ્યવહાર ચાલે...ફરી રોજ ભદ્ર કોર્ટમાં ટાઈપના કામ માટે જવા લાગ્યા. હવે ૧૨ થી ૫ નો સમય કામ કરવા લાગ્યા. પોતાના નિવાસસ્થાનની નજીક જે બસસ્ટૉપ હતું તે ટર્મિનસ જેવું હતું. ત્યાંથી જ બસ ઊપડે અને લાલદરવાજા તરફ જાય. લાલદરવાજાથી બસ ઊપડે તો છેલ્લું બસ સ્ટોપ તેમના નિવાસસ્થાનની નજીક ! ડ્રાઇવર-કંડક્ટર સાથેનો પરિચય સારો. તેથી સુમતિભાઈ શાંતિથી-કાળજીપૂર્વક બસમાં બેસે, ત્યારબાદ જ બસ ઊપડે.. અને આમ ફરી પાછો વ્યવહાર ગોઠવાયો...

બસનો રૂટ લંબાયો. બસનું જે છેલ્લું સ્ટૉપ તેમના નિવાસસ્થાન નજીક હતું તેના કરતાંય વધુ આગળનાં સ્થળોએ બસ જવા લાગી... તેથી બસ, આગળથી જ ભરચક થઈને આવે.

સુશીલાબહેનની ઉંમર આજે ૬૦ વર્ષની છે. આજથી બરાબર દોઢ વર્ષ પહેલાં બ્લડપ્રેશરના કારણે સુશીલાબહેનને જમણા અંગનો લકવો થયો.

સુમતિભાઈની બચતની છેલ્લી રકમ આ સમયે ચાલી ગઈ ! આઠથી દશ હજારની રકમનો ખર્ચ થયો. ત્યારબાદ પ્રીતમનગરના અખાડે કસરત કરાવવી જરૂરી. કસરત કરવાનો ખર્ચ રૂ. ૩/- પરંતુ રિક્ષામાં આવવા-જવાનો ખર્ચ રૂ. ૨૪/-. ચાળીસ દિવસ તો કસરત કરાવી. થોડોક ફેર પડ્યો. પરંતુ હવે પૈસા ખલાસ ! શું કરવું ? કશી જ સૂઝ પડી નહિ. મૂંઝવણ વધતી ગઈ ! ઓછામાં ઓછી ત્રણ-ચાર મહિના કસરતની સારવાર થઈ હોત તો સુશીલાબહેન પોતાનો વ્યવહાર પોતાની જાતે ચલાવી શકત.

બાર મહિનાથી કસરત બંધ છે. સુશીલાબહેન પોતાની નાનકડી રૂમના પલંગ પર જીવન પસાર કરે છે. પોતાની જાતે થોડી કસરત કરે છે. દોઢ વર્ષથી જ્યારથી સુશીલાબહેનને લકવો થયો છે ત્યારથી સુમતિભાઈનું

ટાઈપનું કામ ખોટકાઈ પડ્યું છે.

શરૂઆતમાં જમવા માટે બહારથી ટિફિનની વ્યવસ્થા કરી. પરંતુ આ વ્યવસ્થા ખૂબ જ મોંઘી પડવા લાગી. ત્યારબાદ એક ટાઈમ રસોઈ કરવા માટે કોઈ બાઈની વ્યવસ્થા કરી. રૂ. ૧૫૦/-ની રકમથી આ વ્યવસ્થા કરી. પરંતુ તે લાંબો સમય ચાલી ના શકી. બાઈ અન્ય જગ્યાએ વધારે પગારથી કામ કરવા ચાલી ગઈ.

નાનકડું પ્રેસર-કૂકર ઘરમાં આવ્યું છે. સુમતિભાઈ હવે જાતે દાળ-ભાત-શાક બનાવે છે. માત્ર રોટલી માટે કોઈને રૂ. ૬૦/-ના પગારથી બોલાવે છે. વ્યવસ્થા ગોઠવાઈ છે. સુમતિભાઈને હવે તેમના પગની કાળજી વિશેષ રાખવાની ચિંતા ઊભી થઈ છે. કપડાં-વાસણ માટે નોકર ક્યારેક હોય તો ક્યારેક ના હોય. સુમતિભાઈ જાતે જ કપડાં-વાસણનું કામ કરે છે. સુશીલાબહેનને સવારે નવડાવે-કપડાં બદલાવે-વગેરે તમામ આનુષંગિક કામો સુમતિભાઈ કરે છે. સુશીલાબહેન જમણા હાથે નવકારવાળી પકડી શકતા નથી. નવકારનું સ્મરણ ચાલ્યા કરે છે. મગજ ખૂબ જ નબળું પડી ગયું છે. સ્પષ્ટ બોલી શકાતું નથી. જમણું આખું અંગ લકવાગ્રસ્ત છે. સુશીલાબહેનની સારવારમાં જ સુમતિભાઈનો સમય જાય છે. ઘરના એક ખૂણામાં ટાઈપરાઈટર પર ધૂળ લાગવા માંડી છે.

દુષ્કાળમાં અધિક માસની જેમ મકાન માલિકના પ્રશ્નો વધવા માંડ્યાં છે. પાંચ ભાઈઓની માલિકીનું મકાન. તેમાંના એક ભાઈનો છોકરો મકાનના ઉપરના માળે રહેવા આવ્યો છે. મકાન ખાલી કરાવવા માટે તરકીબોની શરૂઆત થઈ ગઈ છે. રૂમની અંદર પાણીનો નળ હતો તે કનેક્શન કાપવામાં આવ્યું. ધાક-ધમકીઓ શરૂ થઈ.

સુશીલાબહેનનો પગ ભાંગવાની ધમકી ! સુશીલાબહેન ભયના ઓથાર નીચે શ્વાસ લઈ રહ્યાં છે. સુમતિભાઈને પણ ચિંતા સતાવે છે. કોને કહે ? કોઈને કોઈની ચિંતા નથી. સૌ પોતપોતાનામાં જ જીવે છે. ધીમે ધીમે એકલું પડી ગયેલું આ દંપતી એક એક દિવસ માંડ માંડ પૂરો કરે છે. હામ રહી નથી. સુશીલાબહેન તો રૂબરૂ મુલાકાત લેનાર આ લખનારની સમક્ષ ચોધાર આંસુએ રડી પડ્યાં ! રૂબરૂ મુલાકાત લેનાર આ લેખક જ્યારે રજા માંગે છે, ત્યારે સુશીલાબહેન ખૂબ જ રડે છે. આશીર્વાદ પણ આપે છે. ત્યારબાદ, "અમારું ધ્યાન રાખજે, બેટા !" એમ બોલીને ખૂબ ગદ્ગદ

અવાજે કહે છે : "કશું જ સાચું નથી. કોઈ જ સાચું નથી. માત્ર અરિહંત ભગવાન જ સાચા છે..."

તે સમયે સુમતિભાઈ નીચી નજર રાખી રહ્યા છે. તેમ છતાં તેમની આંખમાં આંસુનું બિંદુ દેખાઈ જાય છે. રૂબરૂ મુલાકાત લેનાર આ લખનારની આંખો પણ ભીની થઈ જાય છે. આ લખતી વેળાએ પણ આંખ ભીની થઈ ગઈ છે !

## સુમતિભાઈ

### (ડિસેમ્બર '૯૪)

...ઑગસ્ટ '૯૨માં સુમતિભાઈની ઉંમર-૬૪ વર્ષની હતી. અને સુશીલાબહેનની ઉંમર ૬૦ વર્ષની હતી. આજે તેઓની ઉંમર ૬૬ વર્ષ અને ૬૨ વર્ષની થઈ છે. સુશીલાબહેનને તે સમયે જમણા અંગનો લકવો થયેલો હતો, તેમાં કોઈ સુધારો થયો નથી.

...દિન પ્રતિદિન મકાનમાલિકના પ્રશ્નો વધવા માંડ્યા. મકાન ખાલી કરાવવા માટેની ધાક-ધમકીઓનું સ્વરૂપ વધુ ઉગ્ર બનવા માંડ્યું... ભયના ઓથાર નીચે દંપતીનો શ્વાસ વધુ રુંધાવા લાગ્યો... એક એક દિવસ મકાનમાલિક અને તેના સાગરીતોના બિહામણા ચહેરાઓના દર્શનથી પસાર થવા લાગ્યો...

...અંતે લાચારીપૂર્વક અને નાછૂટકે મકાન ખાલી કરવાનો નિર્ણય કરવો પડ્યો...

...અને એક કમનસીબ સવારે આ દંપતીએ સરદાર પટેલ કોલોનીના એ વિસ્તારમાંથી પ્રયાણ શરૂ કર્યું. અમદાવાદથી દૂર ગાંધીનગર-સરખેજના હાઈવે પર ગોતા નામના ગામે સ્લમ ક્લીયરન્સ બોર્ડના એક રૂમવાળા મકાનમાં પ્રવેશ કર્યો. અર્થાત્ કે વધુ ને વધુ વિષમ પરિસ્થિતિઓના વિશ્વમાં પ્રવેશ કર્યો.

...કોઈ સ્વજને પોતાના નામે મકાન લઈને આ દંપતીને રહેવા આપ્યું છે. શહેરમાં આવવા માટે બસની સુવિધા નહિવત્ જ છે. બસ સ્ટોપ સુધી આવવા માટે ખાસ્સું અંતર ચાલવું પડે. અગાઉના રહેઠાણના મકાનમાં થોડાંક સ્વજનો ખબર-અંતર પણ પૂછવા આવતાં હતાં. પરંતુ હવે આ ખૂબ જ દૂરના રહેઠાણે ખબર-અંતર પૂછવા પણ કોણ આવી શકે ?

એક-બે સ્વજનો, વાત્સલ્ય-નિધિ ટ્રસ્ટના સમર્પિત કાર્યકરભાઈ અને ગોતાગામની એ વસાહતના બે-ત્રણ સારા પાડોશીઓ...બસ આટલામાં જ તેમનો સંસાર હવે સમાઈ ગયો !

ભૂતકાળની કેટલીક સુખદ-દુઃખદ સ્મૃતિઓ વાગોળવી, આવતી કાલની ચિંતા કરવી, વચમાં વચમાં ક્યારેક જ મનને શાંત કરવા નવકારવાળી ગણવી કે સામાયિક કરવું – આ સિવાય કશું જ રહ્યું નહિ ! આજથી બે મહિના પહેલાં (ઑક્ટોબર '૯૪) સુશીલાબહેનની તબિયત વધુ ને વધુ કથળવા લાગી. ખોરાક લઈ શકાય નહિ, અશક્તિ વધવા માંડી. રોગના નિદાન માટે કોઈ સારા ડૉક્ટરની સલાહ કે માર્ગદર્શન લેવા હોય તો સુમતિભાઈને રિક્ષામાં આવવા-જવાનો ખર્ચ જ રૂ. ૧૦૦/- થઈ જાય. આખરે નિદાન થયું...**સુશીલાબહેનને અન્નનળીનું કૅન્સર !**

કૅન્સર માટે ઍલૉપથી સારવાર વધુ ખર્ચાળ, વધુ પીડાજનક, વધુ અગવડભરી હોવાથી આયુર્વેદિક સારવારનો નિર્ણય લેવાયો. આયુર્વેદિક સારવાર માટેની દવા વિનામૂલ્યે મળે તે માટે તેઓના એક સ્વજન બહેન સેતુરૂપ બન્યાં. પરંતુ તે દવાઓની સાથે બકરીનું દૂધ, ગાયનું ઘી, મધ વગેરેનો ખર્ચ ! ઉપરાંત બકરીનું દૂધ તો લાવવું પણ ક્યાંથી ?

સુમતિભાઈની ધીરજ અને હિંમતની વધુ ને વધુ આકરી કસોટી થઈ રહી છે. જાતે રસોઈ, કપડાં, વાસણો-વગેરે રોજિંદાં તમામ કાર્યો કરવાનાં. સુશીલાબહેનને નવરાવવાં તથા કપડાં પહેરાવવાં વગેરે કામ કરવાનાં એમાં વળી આ કૅન્સરના રોગની નવી બીમારી ! સારવાર માટે જાતજાતની દવાની પડીકીઓ જુદા જુદા ચોક્કસ સમયે આપવી. કોઈ દવા તુલસી સાથે તો કોઈ દવા માટે ઉકાળા તૈયાર કરવા. આ પ્રકારની સારવાર પદ્ધતિ માટે જરૂરી નિયમિતતા તથા ચોકસાઈભરી કાળજી રાખવાની કપરી જવાબદારી આવી પડી છે.

ક્યારેક આ બધાં કામોથી અકળાઈ જાય છે, કંટાળી જાય છે, થાકી જાય છે. એ સમયે હૈયું ભરાઈ આવે છે અને આંખમાંથી આંસુની ધાર છૂટી જાય છે. સુશીલાબહેનની વેદના એ સમયે વધુ અસહ્ય અને ઘેરી બને છે. તે સમયે તેઓ એમ વિચારે છે કે, "એમને એવાં કામ કર્યાં નથી, કપડાં ધોવાં વગેરે કામો ફાવે નહિ અને છતાં કરવા પડે છે." ...આમ આ દંપતી પરસ્પર એકબીજાના દુઃખમાં વધુ દુઃખી થઈ રહ્યું છે.

ઑગસ્ટ '૯૨માં જ્યારે આ લખનારે રૂબરૂ મુલાકાત લીધી હતી ત્યારે સુશીલાબહેનની આંખમાં ચોધાર આંસુ હતાં. અને સુમતિભાઈની આંખમાં આંસુનું એક બિંદુ બહાર આવવા મથી રહ્યું હતું. ડિસેમ્બર '૯૪માં જ્યારે આ લખનારે ફરી રૂબરૂ મુલાકાત લીધી ત્યારે સુશીલાબહેનની આંખનાં આંસુ જાણે થીજી ગયાં હતાં. અને સુમતિભાઈની આંખમાંથી દડદડ આંસુ પડી રહ્યાં હતાં. એક બાજુ ભય, ચિંતા, નિરાધારતા, નિઃસહાયતા, એકલતા અને બીજી બાજુ ક્યારેક ક્યારેક જ નવકારમંત્રની થોડીક આરાધના!

## સુમતિભાઈ

(ઈ૦ સ૦ ૧૯૯૮)

ગોતા-હાઉસીંગ બોર્ડની એ વસાહતમાં સુમતિભાઈ અને સુશીલાબહેનના દિવસો વધુ ને વધુ કરુણ દશામાં પસાર થયા. જીવનનો ભાર વહન કરતાં કરતાં જાણે તેઓ બંને થાકી ગયાં. અટકી ગયાં.

સુશીલાબહેન આખરે તા. ૨૩/૪/૧૯૯૫ના રોજ સુમતિભાઈની વિદાય લે છે. સુમતિભાઈ હવે સાવ એકલા પડી ગયા છે. દુઃખનો ભાર હળવો કરવા માટે આંખમાં જાણે આંસુ પણ રહ્યાં નથી. ૭૦ વર્ષની ઉંમર થઈ ગઈ છે. બધું જ કામ જાતે કરવાનું. સુશીલાબહેનના મૃત્યુ બાદ થોડોક સમય પાડોશમાં રહેતા એક મારવાડી જૈન દંપતીએ રોટલી બનાવી આપવાનું કામ સ્વીકાર્યું હતું. દાળ કે શાક સુમતિભાઈ જાતે બનાવી લે. તે વ્યવસ્થા પણ લાંબો સમય ચાલી શકી નહીં. ક્યારેક ટિફિનની વ્યવસ્થા તો ક્યારેક ચા અને ખાખરો તો ક્યારેક ચવાણું-કેળાં કે અન્ય વસ્તુઓ-એમ દિવસો પસાર થઈ રહ્યા છે.

સ્લમ ક્લીયરન્સ બોર્ડની આ વસાહત જાણે કે નરકાગાર છે. ચોમાસામાં એ વસાહતમાં અનેક ઠેકાણે પાણી ભરાઈ જાય છે. ગટરો ઊભરાય છે. મચ્છરોનો ઉપદ્રવ ભયાનક સ્વરૂપ લે છે.

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના ઉપક્રમે એક સેવાભાવી કાર્યકર પોતાની ગાડીમાં દર મહિને એક કે બે વાર નિયમિત રૂબરૂ મુલાકાત લે છે, નિરાંતે બેસે છે, સુમતિભાઈ સાથે વાતો કરે છે.

સુમતિભાઈની સમતા ઓછી થતી ગઈ છે. સ્વભાવ ક્યારેક વધુ

ચીડિયો થઈ જાય છે. નવકારવાળી ગણવામાં પણ મન શાંત રહેતું નથી. જાણે સૌના માટે તેમને ફરિયાદ છે. સગાં-વહાલાંઓ, સ્વજનો, આડોશી-પાડોશી વગેરે સૌને માટે ફરિયાદ છે. આવતી કાલની ચિંતા છે. ચાલતાં ચાલતાં કે રિક્ષામાં બેસતાં કે અન્ય કોઈ કારણસર પોતાના પગને કંઈ થઈ જાય તો શું ? એ પ્રશ્ન સતત તેઓના ચિત્તમાં ઘુમરાયા કરે છે. આવા ભય, ચિંતા તથા એકલતામાં તેમનો સમય પસાર થઈ રહ્યો છે. ગોતાની એ વસાહતના એ નાનકડી ઓરડીના ખાટલા પર બેઠા-બેઠા ક્યારેક કોઈ ન જુએ તે રીતે આંસુ સારી લે છે. મૃત્યુ પામેલી પોતાની પત્નીને પણ તેઓ ફરિયાદ કરે છે કે "મને એકલો પાડીને તું કેમ વહેલી જતી રહી ?" તેમની આ ફરિયાદ ક્યાંય પહોંચતી નથી. તેમનું રુદન અરણ્યરુદન બન્યું છે.

# કરુણાબહેન

અમદાવાદના ધંધો-રોજગારના મુખ્ય કેન્દ્ર સમાન માણેકચોકનો વિસ્તાર ! એ વિસ્તારમાં આવેલી એક નાનકડી પોળમાં પંચોતેર વર્ષની ઉંમરનાં એક વિધવા બહેન પોતાના જીવનમાં અત્યંત કપરા દિવસો પસાર કરી રહ્યા છે. આપણે તેઓને કરુણાબહેનના નામથી ઓળખીશું. કરુણાબહેનનો જન્મ આજથી પંચોતેર વર્ષ પહેલાં કાઠિયાવાડના એક પ્રસિદ્ધ શહેરમાં થયો હતો.

કરુણાબહેનની પાંચ વર્ષની ઉંમર હતી ત્યારે માતાનું મૃત્યુ થયું હતું. તેર વર્ષની ઉંમરે લગ્ન થયું હતું. લગ્ન થયાં ને થોડાક જ દિવસ બાદ તેમના પિતાનું મૃત્યુ થયું હતું. પિયરમાં ઘણી જ સાધારણ સ્થિતિમાં તેઓએ પોતાના તેર વર્ષનું જીવન પસાર કર્યું હતું.

લગ્ન બાદ અમદાવાદમાં પતિની સાથે વસવાટ કર્યો. પતિએ ચવાણાની નાનકડી દુકાન શરૂ કરેલી. દુકાન સારી ચાલતી હતી. દિવસો આનંદમાં પસાર થઈ રહ્યા હતા. એ દિવસોમાં પોતાના વતનમાં એક દેરાસરનો મંગલ પ્રસંગ ઊજવાઈ રહ્યો હતો. તે સમયે ભગવાનને પોંખવાનો લાભ આ દંપતીએ લીધો હતો. અને તે નિમિત્તે એ નાનકડા શહેરના આખા સંઘને પોતાના પૈસે જમાડ્યો !

ઘેર એક દીકરીનો જન્મ પણ થયો. દીકરી મોટી થઈ. દીકરી પાંચ વર્ષની ઉંમરની થઈ ત્યારે કરુણાબહેન વિધવા થયાં. પતિ દશ મહિના બીમાર રહ્યા હતા. પતિની એ બીમારીમાં ઘરની વધી ઘટી તમામ મૂડી સાફ થઈ ગઈ હતી. કરુણાબહેને ખૂબ જ હિંમતથી અને પુરુષાર્થથી પોતાની આ પરિસ્થિતિનો સામનો કર્યો. પરિસ્થિતિ જેમ જેમ વિષમ બનતી ગઈ તેમ તેમ તેમના વ્યક્તિત્વની ધાર વધુ ને વધુ તેજ થતી ગઈ !

ત્યારબાદ દીકરીનાં લગ્ન થયાં. આજે એ દીકરીની ઉંમર પંચાવન વર્ષની છે. દીકરીને ત્યાં પણ પચીસ વર્ષની મોટી દીકરી છે જે પરણેલી છે. અને સાસરે રહે છે. દીકરીનાં બે દીકરા ઓગણીસ અને સત્તર વર્ષના છે. ઓગણીસ વર્ષનો છોકરો ક્યાંક ગાંઠિયા બનાવવાની તાલીમ લઈ રહ્યો છે. સત્તર વર્ષનો છોકરો અભ્યાસમાં સાધારણ ગજું કાઢી રહ્યો છે. આજથી સોળ વર્ષ પહેલાં કરુણાબહેનની આ દીકરી પણ વિધવા બની છે.

કરુણાબહેને પતિના મૃત્યુ પછી તરત જ આજુબાજુનાં સુખી જૈન કુટુંબોમાં રસોઈનું કામ શરૂ કર્યું હતું. રસોઈના કામમાં આજુબાજુનાં જૈન કુટુંબોમાં તેઓ ખૂબ જ પ્રિય થઈ પડ્યાં હતાં. એ આવકમાંથી પણ જે થોડી બચત થતી તેમાંથી શરૂઆતમાં દીકરીને પરણાવવાનો પ્રસંગ પાર પાડ્યો હતો.

તેઓએ ઘણી વાર અઠમ કર્યા અને આયંબિલની ઓળીઓ પણ કરી છે.

ત્યારબાદ શહેરનાં સુખી કુટુંબો ધીમે ધીમે શહેરમાંથી બહાર રહેવા જવા લાગ્યાં. જે કુટુંબો કરુણાબહેનના ઘરની આસપાસ બાકી રહી ગયાં હતાં તેઓ રસોઈનું કામ આપી શકે તેવાં સુખી નહોતાં. એટલે ધીમે ધીમે કરુણાબહેને આજુબાજુનાં જૈન કુટુંબોનાં ઘરનાં વાસણ-કપડાનું કામ પણ શરૂ કર્યું ! આ કામ પણ ધીમે ધીમે ઓછાં થતાં ગયાં. કુટુંબો ધીમે ધીમે શહેર બહાર વધુ ને વધુ જવા લાગ્યાં ! તેથી આજુબાજુની દુકાનોમાં પાણી ભરવાનું તથા કચરો વાળવાનું કામ કરુણાબહેને શરૂ કર્યું.

જીવવા માટેનો આ સંઘર્ષ કરુણાબહેને સતત ચાલુ રાખ્યો અને મહેનત કરીને જ પોતાનું જીવન પસાર કર્યું. ક્યાંય હાથ લંબાવ્યો નહીં. આ સંઘર્ષ સં. ૨૦૪૫ના કારતક મહિના સુધી સતત એકધાર્યો તેમણે ચાલુ રાખ્યો. દૂર પરણાવેલી દીકરી પણ વિધવા બની હોવાથી અત્યંત વિષમ પરિસ્થિતિમાં હતી.

કારતક મહિનામાં કરુણાબહેનને બ્રેઈન હેમરેજના કારણે જમણા અંગે સંપૂર્ણ લકવા થઈ ગયો. જમણો હાથ કે જમણો પગ કામના રહ્યા નહિ.

શરૂઆતમાં શહેરની ગુલાબબાઈ હૉસ્પિટલમાં આઠ દિવસ રાખવામાં આવ્યાં. આઠ દિવસમાં જ રૂ. ૯૦૦/-નો ખર્ચ થઈ ગયો. ત્યાર બાદ શહેરની આયુર્વેદિક હૉસ્પિટલમાં દોઢ મહિનો સારવાર લીધી. એ સારવારથી સહેજ ફેર પડ્યો છે. પરંતુ હવે એ પોતાનું કામ પણ જાતે કરી શકે તેમ નથી. છેલ્લા કેટલાક સમયથી તેમની દીકરી પોતાના બન્ને છોકરાઓને મૂકીને અહીં પોતાની વિધવા માતાની મદદમાં અને સેવામાં આવી છે.

જન્મ્યાં ત્યારથી જ જીવનસંઘર્ષ ખેલતાં ખેલતાં, સ્વમાનભેર જીવતાં, હંમેશાં પોતાનું મસ્તક ઊંચું રાખીને જીવન પસાર કરનાર, આ કરુણાબહેન હવે થાકી ગયાં છે. મનથી પણ ઢીલાં પડી ગયાં છે. રોજ બે-ત્રણ સામાયિક કરે છે અને દિવસ પસાર કરે છે.

રૂબરૂ મુલાકાત લેનાર આ લેખકે જ્યારે કરુણાબહેનને પૂછ્યું કે "બા, સામાયિકમાં શું કરો છો, વાંચો છો કે નવકારવાળી ગણો છો ?" આ પ્રશ્ન સાંભળતાં જ કરુણાબહેનની આંખમાં આંસુની ધાર છૂટી. બોલ્યા; "બેટા, આંખનાં અજવાળાં તો ઓછાં થઈ ગયેલાં જ છે. તેથી વંચાતું તો નથી જ. પણ નવકારવાળી પણ ગણી શકાતી નથી. નવકારવાળી જમણા હાથે જ ગણાય. અને જમણો હાથ જ લકવાનો ભોગ બન્યો છે. તેથી નવકાર પણ મનમાં જ ગણું છું. નવકારવાળી જમણા હાથે પકડી શકતી નથી એનું જ સૌથી મોટું દુઃખ છે."

રૂબરૂ મુલાકાત લેનાર આ લેખકને પણ મનમાં પસ્તાવો થયો કે આવો પ્રશ્ન ક્યાં પુછાઈ ગયો ? ખેર ! કરુણાબહેનનો એક એક દિવસ આજે એક એક યુગ જેવો લાંબો બની ગયો છે. જે મકાનમાં ભાડે રહે છે તે મકાનમાલિક માયાળુ સ્વભાવના છે. ભાડું પણ લેતા નથી. પણ સતત પિસ્તાળીસ-પચાસ વર્ષ સુધી જીવનની વિષમતાઓની સામે સંઘર્ષ કરતાં કરતાં ખુમારીનો જે અનુભવ કરુણાબહેને કર્યો હતો અને એ સ્વમાન અને ખુમારી જે એમના જીવનને ટકાવનારાં રસાયણો હતાં, તે પણ કાળની એક ઝાપટમાં જાણે ક્યાંય ઝૂંટવાઈ ગયાં ! આજે તો કરુણાબહેન જાણે સાક્ષાત્ કરુણાની મૂર્તિ બની ગયા છે !

કરુણાબહેનને ઓગસ્ટ '૯૨થી 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ તરફથી દર મહિને નિયમિત રકમ મોકલવાનું શરૂ થયું. કેન્સરની બીમારી ધીમે-ધીમે જીવલેણ બનવા માંડી. કરુણાબહેનની સ્મૃતિ ધીમે-ધીમે ઓસરવા માંડી. પથારીમાંથી ઊભા ન થઈ શકાય તેવી સ્થિતિ આવી. ઝાડો-પેશાબ પણ પથારીમાં જ થવા માંડ્યા. તેમની સારવાર કરનાર કુટુંબના સભ્યોની પણ આકરી કસોટી થવા માંડી. સૌના માટે એકે એક દિવસ એક યુગ જેવો લાંબો થવા લાગ્યો. બોલવાની પણ શક્તિ રહી નહી. આંખના તેજના કણ ધીમે-ધીમે ઓલવાવા માંડ્યા..

કરુણાબહેનના જીવનનો છેલ્લો દિવસ. તા. ૧૩-૧૨-૧૯૯૬ના

દિવસનું ઊઘડતું પ્રભાત. કુટુંબીજનો કરુણાબહેનને નવકાર સંભળાવી રહ્યા છે. અને ધીમે-ધીમે કરુણાબહેનની આંખના તેજના કણ કાયમ માટે ઓલવાઈ ગયા...

તેમના શાંત પડી ગયેલા દેહમાંથી જાણે કે એક સૂરનું ગુંજન થઈ રહ્યું હતું-

**"આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે."**

# શ્રી જયંતિભાઈ
## (જૈન કુળનો એક સ્વાતંત્ર્ય સેનાની)

અમદાવાદના હાર્દ સમા માણેકચોક વિસ્તારમાં આવેલી એક પોળ. મુખ્યત્વે જૈન કુટુંબોની વસ્તીવાળી પોળ કે જ્યાં ચારસો વર્ષ જૂનું જૈન દેરાસર છે. એક જમાનામાં આ પોળમાં સાતથી વધુ તો ઘરદેરાસરો હતાં.

**જૈનમ્ જયતિ શાસનમ્**ના સૂર જ્યાં વર્ષોથી ગૂંજી રહ્યા છે એવી આ પોળના એક મકાનમાં છેક ચોથે માળ એક વૃદ્ધ જૈન દંપતી ખૂબ જ સાદાઈથી અને માનભેર જીવન જીવી રહ્યું છે.

આપણે એમને જયંતિભાઈના નામથી ઓળખીશું અને તેમની પત્નીને મૃદુલાબહેનના નામથી ઓળખીશું. જયંતિભાઈની ઉંમર ૮૭ વર્ષ અને મૃદુલાબહેનની ઉંમર ૭૬ વર્ષની છે.

જયંતિભાઈની ઉંમર માત્ર સાત વર્ષની હતી ત્યારે પિતાનું મૃત્યુ થયું અને નાની ઉંમરે શિર-છત્ર ગુમાવી બેઠા. અભ્યાસમાં રુચિ ઓછી અને દેશને સ્વતંત્ર કરવા માટે કંઈ પણ કરી છૂટવાનો જુસ્સો વધારે.

૧૯૩૦માં દાંડીકૂચનો ઐતિહાસિક પ્રસંગ. જયંતિભાઈની ઉંમર એ સમયે આશરે ૧૮-૧૯ વર્ષની. એ ઐતિહાસિક બનાવના કેવળ સાક્ષી ન બની રહેતાં ઘણા લાંબા અંતર સુધી એ યાત્રામાં પાછળ પાછળ જોડાયા હતા. ૧૯૩૦-૩૧માં એક વાર પત્રિકાઓનું વિતરણ કરતાં પકડાયેલા અને તે સમયે એક મહિનો સાબરમતી જેલમાં રહેવું પડ્યું. તે વખતે તો જેલ એટલે માથું મૂંડાવી નાંખવાનું, કેદીઓનાં કપડાં પહેરવાનાં, તથા એક નાનકડી કોટડીમાં રહેવા-જમવાનું. સંડાસની વ્યવસ્થા પણ એ નાનકડી કોટડીમાં જ.

૧૯૩૦ થી ૧૯૪૨નો એ સમયગાળો ! દાંડીકૂચથી હિંદ છોડોની લડતનો એ સમયગાળો ! અંગ્રેજી શાસનની જંજીરોમાંથી ભારતમાતાને મુક્ત કરવાના હજારો નહીં પણ લાખો નવ લોહિયાઓએ જે સંકલ્પ કર્યો હતો તેમાંના એક આપણા આ જયંતિભાઈ.

જે ઉત્સાહ અને ખુમારી ૧૯૪૨માં 'હિંદ છોડો'ની ચળવળ વખતે આ યુવાન જયંતિભાઈમાં હતી તે જ ખુમારીનાં દર્શન આજે ૮૭ વર્ષની

ઉંમરે ચોથે માળની નાનકડી રૂમના પોતાના ખાટલા પર બેઠા-બેઠા પણ દાખવી રહ્યા છે. 'હિંદ છોડો'ની ચળવળ વખતે તેઓ ચાર મહિના સાબરમતી જેલમાં રહ્યા હતા. આજે પણ તેમને એ દિવસ યાદ છે. રૂબરૂ મુલાકાત લેનારે જ્યારે જયંતિભાઈને પ્રશ્ન પૂછ્યો કે- "કયા દિવસે તમે જેલમાં ગયા હતા ?" નાનકડા એ પલંગ ઉપર જયંતિભાઈ બેઠા હતા. આ પ્રશ્ન સાંભળીને તેઓ એકદમ ટટ્ટાર થઈ ગયા. તેમની આંખોમાં સ્વાતંત્ર્યની લડતની એક ખુમારીની ચમક જાણે દેખાવા માંડી. દૂર દૂર ક્ષિતિજમાં જાણે એમની નજર જવા માંડી અને ફરી પાછી એ જ ક્ષણ જાણે ફરી જીવતા હોય તેમ બોલી ઊઠ્યા- '૨૦-૧૦-૧૯૪૨'. તેઓ તા. ૨૦-૧૦-૧૯૪૨ના દિવસે 'હિંદ છોડો' ના સૂત્રોચ્ચાર સાથે સાબરમતી જેલમાં ગયા હતા. એ સમયે જેલમાં તેમની સાથે બીજા કોણ કોણ હતા તેવો પ્રશ્ન પૂછતા તેવા પ્રશ્નના સંદર્ભમાં તેમની યાદશક્તિને સતેજ કરીને બોલવા લાગ્યા - બિપીનભાઈ ચોક્સી, નવાબ, રમણિકભાઈ વગેરે. આ તેમના સાથીદારો હતા.

ચાર મહિના બાદ જેલમાંથી છૂટ્યા. ત્યારબાદ લગ્ન થયાં. દેશ સ્વતંત્ર થયો. કુટુંબની સહિયારી ધંધાવાળી કાપડની દુકાન હતી. ગાંધીરોડ ઉપર આવેલા અને ફુવારાના નામથી પ્રસિદ્ધ થયેલા વિસ્તારમાં કાપડની આ દુકાન હતી. દુકાન વેચી કાઢી અને કાપડની દલાલીનું કામ શરૂ કર્યું અને ત્યારબાદ કાપડની એક દુકાનમાં ઘણાં વર્ષો સુધી નોકરી કરી.

રૂબરૂ મુલાકાત લેનારે જયંતિભાઈને એક અળવીતરો પ્રશ્ન પૂછ્યો - "દાદા ! લગ્ન થયા બાદ દેશને સ્વતંત્ર કરવા માટે ફરી જેલમાં જાત ખરા?" દાદા ફરી ટટ્ટાર થઈ ગયા. તેઓ કહેવા લાગ્યા કે લગ્ન પછી પણ એટલો જુસ્સો હતો અને કહેવા લાગ્યા કે-"ચોરી કરી હોય, ખૂન કર્યું હોય તો જેલમાં જવામાં નાનમ લાગે." કૉંગ્રેસ સેવા દળની તે સમયની તેમની વાદળી ચડ્ડી યાદ કરવા લાગ્યા.

પ્રશ્ન-"દાદા, ગાંધીજી સિવાય ગુજરાતના રાજકારણમાં તમને કયા નેતાઓ સાચકલા લાગ્યા ?" તરત જ તેઓ બોલી ઊઠ્યા - "સરદાર વલ્લભભાઈ પટેલ, ઇન્દુલાલ યાજ્ઞિક, ગુલઝારીલાલ નંદા, જીવરાજ મહેતા, હિતેન્દ્ર દેસાઈ." એ પાંચ વ્યક્તિઓનાં નામનું સ્મરણ કરતાં તેમની આંખોની ચમકમાં ક્યાંક ભીનાશ વરતાવા માંડી. જાણે કે અનુમોદનાનો

ભાવ.

ઇન્દુલાલ યાજ્ઞિકની સાથે ૧૯૫૬માં મહાગુજરાતની ચળવળમાં પણ તેઓએ પોતાની સેવાઓ આપી હતી.

પોળમાં કુટુંબની માલિકીનું ઘર. આજે તો તેમના હિસ્સામાં એ મકાનના ચોથે માળની એક નાનકડી રૂમ રહેલી છે. એક જમાનામાં તેમનું કુટુંબ પોળમાં 'શેઠપણું' ભોગવતું હતું. જયંતિભાઈનાં બા તેમની સાથે રહેતાં. અને તેઓ પણ પોતાનું કામ હાથે કરતા. બા ૯૫ વર્ષ સુધી જીવ્યાં હતાં.

જયંતિભાઈની ઉંમર જેમ-જેમ વધતી ચાલી તેમ-તેમ આંખે ઓછું દેખાવા લાગ્યું. કોઈ એક જૂના વેપારી મિત્રના અતિશય આગ્રહને વશ થઈને અને તેમની જ મદદથી તેઓએ સ્વાતંત્ર્ય સેનાની તરીકેની અરજી કરી અને અરજી મંજૂર થતાં તેઓને સરકાર તરફથી નિયમિત પેન્શન મળે છે. સ્વાતંત્ર્ય સેનાની તરીકેની સરકારે અર્પણ કરેલો ચાંદીનો એક મેડલ દાગીનાની જેમ સાચવી રાખ્યો છે અને ખૂબ જ ઉત્સાહપૂર્વક અને ઉંમગથી એ મેડલ તેઓએ રૂબરૂ મુલાકાત લેનારને બતાવ્યો.

જયંતિભાઈ અને મૃદુલાબહેન બંને એકલાં રહે છે. ચાર દીકરીઓ છે. બે અમદાવાદ બહાર અને બે અમદાવાદમાં પરણાવેલી છે. દીકરીઓ સુખી છે. સ્વમાની એવા તેઓને દીકરીઓનું તો કશું પણ ખપતું નથી. બંને ખૂબ જ સાદું જીવન જીવે છે. તેઓના જીવનની જાણે એક જ ફિલસૂફી ! **"દેવું કરવાનું નહીં અને મળે એમાં નભાવવાનું."**

૮૭ વર્ષની ઉંમરે પણ જયંતિભાઈ મકાનના ચાર દાદર ત્રણથી ચાર વાર લાકડીના સહારે ચડે-ઊતરે છે. મૃદુલાબહેનને ૭૬ વર્ષની ઉંમરે પગની તકલીફ શરૂ થઈ છે. તેથી ઘેર બેઠાં બેઠાં બધું જ કામકાજ નોકર વિના હાથે કરે છે. દૂધ-દહીં કે અનાજ લાવવાનું હોય તે જયંતિભાઈ જાતે જ જાય છે. તેઓ દરરોજ નિયમિત પતાસાપોળની સામે મહાવીર સ્વામીના દેરાસરે દર્શન કરવા જાય છે. પતિ-પત્ની બંને નવકારવાળી ગણે છે. લગ્ન પછી તેઓએ પાંચ-સાત અઠ્ઠાઈઓ પણ કરેલી. રૂબરૂ મુલાકાત લેનાર જયંતિભાઈને પ્રશ્ન પૂછે છે-"દાદા ! આ નવી યુવા પેઢીને તમારો શો સંદેશો આપવાનો છે ?" અને દાદા ખૂબ જ વાત્સલ્ય ભાવથી જીવનના નિચોડરૂપે પ્રશ્ન પૂછનારને એક મંત્ર આપે છે. "બેટા ! **ધર્મ કરશો તો સુખી થશો."**

રૂબરૂ મુલાકાત લેનાર આ લેખક તથા વાત્સલ્ય-નિધિ ટ્રસ્ટના સંનિષ્ઠ સ્વયંસેવિકાબહેન **"જૈનમ્ જયતિ શાસનમ્"** અને **"મેરા ભારત મહાન"** એ બંને સૂરોની જુગલબંધીનો અનુભવ કરતાં કરતાં એ ચાર માળના મકાનના દાદર ઊતરી રહ્યાં છે.

# ગુણીબહેન

## (ઈ૦ સ૦ ૧૯૮૯)

આજથી ૮૫ વર્ષ પહેલાં વડોદરા જિલ્લાના એક મોટા શહેરમાં તેઓનો જન્મ થયો હતો. આપણે તેઓને ગુણીબહેનના નામથી ઓળખીશું. અમદાવાદ શહેરના ગાંધીરોડ પરના ભરચક વિસ્તારમાં, જ્યાં આજુબાજુ અનેક જૈન દેરાસરો અને ઉપાશ્રયો આવેલાં છે ત્યાં ગુણીબહેન પોતાનું જીવન પસાર કરી રહ્યાં છે.

પંદર વર્ષની ઉંમરે તેઓનાં લગ્ન થયાં હતાં. પિસ્તાળીસ વર્ષની ઉંમરે તેઓના પતિનું મૃત્યુ થયું. દરમ્યાનમાં કોઈ બાળક થયું નહિ. જે મકાનમાં તેઓ રહે છે તે મકાન, નથી ભાડાનું કે નથી પોતાની માલિકીનું. એક નાનકડી લીંપણવાળી રૂમ પરંતુ સ્વચ્છ અને વ્યવસ્થિત !

પોળના ઉપાશ્રયમાં રોજ સવાર-સાંજ બે સામાયિક પ્રતિક્રમણ કરવા જાય છે. પોતાના માટે એક વાર જાતે રસોઈ બનાવી લે છે. ચા પીવાની ટેવ ખરી ! જીવનમાં આશરે નવ-દસ અઠ્ઠાઈઓ કરેલ છે. છેલ્લી અઠ્ઠાઈ ૮૩ વર્ષની ઉંમરે કરેલી છે. ૮૦ વર્ષની ઉંમરે તો શત્રુંજયની જાત્રા જાતે ચડીને કરી છે !

ગુણીબહેન જે પોળમાં રહે છે તે પોળમાં સાધ્વીજી મહારાજોના બેથી ત્રણ ઉપાશ્રય છે. ગુણીબહેનની આવક કશી જ નથી. તેમ છતાં સારા એવા પ્રમાણમાં ઉકાળેલું પાણી પોતાના ઘેર ઠારે છે અને પોળના ઉપાશ્રયમાં બે વૃદ્ધ સાધ્વીજીઓને પાણી વહોરાવવા જાતે ઘડો ઊંચકીને ઉપાશ્રયમાં જાય છે!

પિયર કે સાસરે ગુણીબહેનનું કોઈ જ રહ્યું નથી. સાસરા પક્ષે પિતરાઈમાં ત્રીજી પેઢીએ-એક બહેન તેમની કેટલીક દેખરેખ રાખે છે. ગુણીબહેનનો સ્વભાવ ખૂબ જ માયાળુ અને પ્રેમાળ છે. તેઓ જ્યાં છે અને જેવી હાલતમાં છે તેનાથી કોઈ જ અસંતોષ નથી. ક્યારેક પોતાનો સમૃદ્ધ ભૂતકાળ યાદ આવે છે. પણ આવી વિષમ પરિસ્થિતિમાં મનથી સહેજ પણ ઢીલાં થયાં નથી. જાતે જ રસોઈ કરે છે. જાતે જ પોતાનાં કપડાં, વાસણ તથા અન્ય કામો કરે છે. ૮૫ વર્ષની ઉંમરે પાણીની ડોલ પણ પોતાની જાતે જ ભરે છે ! કોઈની પાસે આજ દિન સુધી હાથ લંબાવ્યો નથી. સામેથી કોઈ મદદ કરવા તેમના ઘેર જાય તો મદદ સ્વીકારે છે ! પરંતુ તે સમયની તેમની

પીડા તે તેઓ જ જાણે !

...ભવિષ્યનો ક્યારેક વિચાર આવે તો મનથી હવે ઢીલાં પડી જાય છે !

ગુણીબહેનના ઘેર આ લખનારે રાત્રે દશ વાગે રૂબરૂ મુલાકાત લીધી હતી. આ લખનારે ગુણીબહેનની વિદાય માંગી ત્યારે ગુણીબહેને આશીર્વાદ આપતાં કહ્યું : "બેટા ! હું તો આ જ છું ને કાલે નથી પરંતુ મારા જેવી સ્થિતિમાં જે કોઈ હોય એનું ધ્યાન રાખવા ભગવાન તને શક્તિ આપે."

## ગુણીબહેન
## (ઈ૦ સ૦ ૧૯૯૮)

નવ વર્ષ પસાર થઈ ગયા. ત્યારબાદ જુલાઈ '૯૮ના રવિવારની એક સવાર. ગાંધીરોડ ઉપરની ખૂબ જ પ્રસિદ્ધ અને જાણીતી એ પોળમાં થોડીક જ ચહલપહલ વરતાય છે. એ પોળના ઉપાશ્રયની નજીક આવેલા એક મકાનમાં પુસ્તિકાના લેખક, તેમના પત્ની અને વાત્સલ્યનિધિ ટ્રસ્ટના એક ખૂબ જ નિષ્ઠાવાન સમર્પિત કાર્યકર પ્રવેશ કરે છે. મકાન મોટું છે. ઊંચા ઓટલાવાળા આ મકાનમાં પ્રવેશતાં ખુલ્લો ચોક આવે છે. ત્યારબાદ પરસાળ અને ત્યારબાદ એક નાનકડો રૂમ, જે ભૂતકાળમાં રસોઈગૃહ તરીકે ઉપયોગમાં લેવાતો હશે. છેલ્લે બેઠક માટેનો ઓરડો. એમાં ભીંત સાથે ચણેલી અનાજ ભરવાની મોટી ચાર કોઠીઓ. તેમજ બે ગુણ ઘઉં સમાવી શકાય તેવી બે ત્રણ મોટી છુટ્ટી તૂટેલી કોઠીઓ તથા પીવાનું પાણી ભરવાના પિત્તળના જૂના દેગડા, વગેરે નજરે પડે છે.

રસોઈઘરનું બારણું બંધ હતું, 'ગુણીબા, ઓ ગુણીબા..' મોટેથી સાદ પાડ્યો. બેત્રણ બૂમો પાડ્યા પછી અને છેક રસોઈ ઘરનાં બારણાં લગી આવતાં, એક ઢીલો, ધીમો અવાજ સાંભળવા મળે છે. અંદર ઓરડામાં ગાઢ અંધકાર છે. કશું દેખાતું નથી, ગાઢ અંધકારમાં ગુણીબહેનનો એક દર્દીલો અવાજ ફરી સંભળાય છે, દરમિયાનમાં 'વાત્સલ્ય-નિધિ ટ્રસ્ટ'ના સમર્પિત કાર્યકરે અંદરના રૂમનાં બારણાં પાસે પહોંચીને સ્વીચ ઓન કરી. ૨૫ વોલ્ટનો ખૂબ જ ધૂળ ખાતો ઈલેક્ટ્રિકનો બલ્બ ઝાંખો ઝાંખો પ્રકાશવા લાગ્યો.

જાણે કોઈ નાટકનો પડદો ઊપડે અને એક દશ્ય દેખાય એવું એ એક દશ્ય હતું. નાનકડો એક હીંચકો, હીંચકાની પાટ પર પાથરેલી એક જૂની, જીર્ણ, કાણાંવાળી, મેલીદાટ ચાદર અને એક સફેદ જૂનો, મેલો સાલ્લો પહેરીને બેઠેલાં ગુણીબહેન. રૂમની ભોંય ઊખડી ગયેલી લીંપણવાળી કેટલાય સમયથી એ ભોંય પર સાવરણી પણ ફેરવવામાં આવેલી જણાતી નથી. એ ભોંય પર ત્રણે વ્યક્તિઓ બેસે છે. ગુણીબહેન હીંચકે બેસવાનું જણાવે છે પણ હીંચકો ચાર વ્યક્તિને સમાવી શકે તેમ નથી.

આજથી નવ વર્ષ પહેલાં ઈ૦ સ૦ ૧૯૮૯માં રાત્રે દસ વાગ્યે જ્યારે આ લખનારે સૌ પ્રથમ મુલાકાત લીધી હતી ત્યારે આ રૂમ ખૂબ જ વ્યવસ્થિત સુઘડ અને સ્વચ્છ હતી, લીંપણવાળી ભોંય સમથળ અને સુંવાળી હતી. ગુણીબહેન એ સમયે ૮૫ વર્ષની ઉંમરનાં હતાં. શરીર અને મનથી ખૂબ જ તંદુરસ્ત હતાં. આજે એ ઓરડાનું લીંપણ સમથળ રહ્યું નથી. બે ત્રણ નાનકડી પતરાની પેટીઓ એક નાનકડા પીપ ઉપર પડેલી છે. એકાદ નાની છાજલી પર બે-ચાર જૂના-કાટ ખાઈ ગયેલા-ગોબાવાળા પતરાના ડબ્બા હતા. કેટલીક ધૂળ ખાતી પરચૂરણ ચીજવસ્તુઓ-રૂમની બે દીવાલો પર ખીંટીઓ દ્વારા બાંધેલી, કપડાં સૂકવવાની એક દોરડી જેના પર ધૂળના થર બાઝી ગયા છે. રૂમની છતમાં બે-ત્રણ ખૂણાઓમાં કંતાન બાંધ્યું છે પણ તેના છેડા છૂટી ગયા છે. ક્યાંક કંતાન ફાટીને લીરા નીકળેલા છે. તેની નીચે લટકતા જાળાંઓ છે. કંતાનનો અસલ રંગ ઓળખી પણ ન શકાય એટલી ધૂળ અને કાળાશ ! જાણે કે કોઈ અવાવરુ ઓરડામાં બેઠા હોઈએ તેવા ઓરડામાં હીંચકા પર બેઠેલા આપણા આ ગુણીબહેનની ઉંમર આશરે **૯૪ વર્ષની** થઈ ગઈ છે. એક વર્ષ પહેલાં નરોડામાં પોતાના કોઈ સગાને ત્યાં રહેવા ગયાં. પડી ગયાં. જમણા પગનું ફ્રેક્ચર થયું. ચારેક મહિના ત્યાં રહ્યાં. ત્યારબાદ ફરી પોતાના આ ઘેર પાછા આવે છે.

ગુણીબહેનના જીવનનો આપત્તિકાળ હવે જાણે ભીષણ સ્વરૂપે આવી રહ્યો છે. ફ્રેક્ચરના કારણે જમણા પગની તકલીફ વધવા માંડી છે. પોળના જૂની શૈલીના એ મકાનોમાં ઓટલાની એક બાજુ સંડાસની રચના હોય છે. સંડાસ જવા માટે ગુણીબહેન એ અંધારા ઓરડામાંથી કાં તો ભીંતના ટેકે ટેકે ધીમે ધીમે બહાર આવે છે અથવા તો બેસીને ઘસડાતા ઘસડાતા, ધીમે ધીમે બહાર આવે છે. વચમાં ખુલ્લા ચોકનો જે ભાગ હોય છે ત્યાં જ પાણીના નળની ચકલી, કપડાં-વાસણ કરવાની જગ્યા વગેરેને કારણે ભીની હોય છે.

ઉપરના બે માળોમાં રહેતા પિતરાઈ કુટુંબની આ સહિયારી વ્યવસ્થા હોય છે. પાણીથી ભીની થયેલી એ જગ્યા ઉપર બેસીને ઘસડાતા ઘસડાતા છેક ઓટલા સુધી આવવાનું રહે છે. પેલી જૂની પંક્તિ યાદ આવી જાય -

"ઊંબરા તે ડુંગરા થયા."

પગનું ફ્રેક્ચર થયા બાદ ગુણીબહેન હવે જાતે રસોઈ કરી શકતાં નથી. પાણીની ડોલ પણ હવે જાતે ભરી શકતાં નથી. જે ગુણીબહેન થોડાંક જ વર્ષ પહેલાં સારા એવા પ્રમાણમાં ઉકાળેલું પાણી પોતાના ઘેર ઠારતાં હતાં અને પોળના ઉપાશ્રયના બે વૃદ્ધ સાધ્વીજીઓને પાણી વહોરાવવા જાતે ઘડો ઊંચકીને ઉપાશ્રયમાં જતાં હતાં તે ગુણીબહેનને પાણીની એક-બે ડોલ ભરવા માટે આજે બીજાની મદદ લેવી પડે છે. અને તેના કારણે તેઓ કહે છે કે- "ઘીની જેમ પાણી વાપરું છું."

પોતાને ઉકાળેલા પાણીને બદલે હવે કાચું પાણી પીવાનો સમય આવ્યો તે વાત જણાવતાં જણાવતાં એમનાથી એક મોટું ડૂસકું મુકાઈ ગયું. શરીરનું અને મનનું ખમીર ધીમે ધીમે તૂટી રહ્યું છે. અને તે કારણે વાત કરતાં કરતાં થોડી થોડી વારે ખૂબ જ રડવા માંડે છે.

...હવે જાતે તો રસોઈ કરી શકતા નથી. સદ્‌નસીબે બાજુના જ મકાનમાં ઉપરના માળે પિતરાઈનું એક કુટુંબ ગુણીબાની શક્ય તેટલી દેખભાળ રાખે છે. સવારે ચા આપી જાય છે. બપોરે જમવાના સમયે થાળી મોકલાવે છે અને સાંજે ચા મોકલાવે છે. ચાની સાથે ગુણીબહેન બજારમાંથી મંગાવેલો નાસ્તો ઉપયોગમાં લે છે.

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ તરફથી ઈ૦ સ૦ ૧૯૯૨થી ગુણીબાને દર મહિને નિયમિત રકમ પહોંચાડવામાં આવે છે. એ રકમમાંથી ગુણીબહેન નાસ્તો મંગાવે છે. આજુબાજુનો પડોશ ગુણીબાનાં આવાં નાનાં-મોટાં કામમાં મદદરૂપ થાય છે. પગનું ફ્રેક્ચર થયું તેના થોડાક સમય અગાઉ કોઈ એક સંસ્થા તરફથી ચોખા આપવામાં આવ્યા હતા. તે ચોખા ખૂબ જ કાળજી-પૂર્વક સાચવી રાખ્યા છે. રસોઈ તો જાતે બનાવી શકતાં નથી. નજીકના ભવિષ્યમાં રસોઈ બનાવી શકે તેવી શક્યતા પણ જણાતી નથી અને તોય આ ચોખાનો ક્યારેક રસોઈ બનાવવા માટે ઉપયોગ કરી શકશે તેવી આશા સેવી રહ્યાં છે !

ઘરનાં પગથિયાં ઊતરીને હવે ઉપાશ્રયમાં જઈ શકતાં નથી. તેમના ઘરની અને ઉપાશ્રયની વચ્ચે માત્ર બે જ મકાનો છે તો પણ હવે ઉપાશ્રય તેમને ઓટલા પર બેઠાં બેઠાં જ જોવાનો રહ્યો ! આ પોળમાં ચાર દેરાસરો છે. પરંતુ ગુણીબા પોતાના અંધારા ઓરડામાં, હંમેશા ખુલ્લા રહેતા એક લાકડાના કબાટમાં સાતથી આઠ જુદા જુદા ભગવાન તથા દેવ-દેવીઓના ફોટાઓનાં દર્શન કરે છે. તે ફોટાઓમાં સૌથી આગળ ધ્યાન ખેંચે તેવો ફોટો પદ્માવતી દેવીનો છે.

**પ્રશ્ન**-"બા ! દર મહિને ઈલેક્ટ્રિકનું બિલ કેટલા રૂપિયા આવે છે ?"

આ પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે-"બેટા, મારે લાઈટની જરૂર કેટલી ?" ભગવાનના દર્શન કરવા માટે લાઈટ કરું છું. અને તમારા જેવા કોઈ ક્યારેક મળવા આવે ત્યારે લાઈટ ચાલુ થાય છે. તે સિવાય લાઈટ થતી જ નથી. દિવસનો મોટા ભાગનો સમય આ અંધારા ઓરડામાં હીંચકા પર બેઠાં બેઠાં કે સૂતાં-સૂતાં તેઓ પસાર કરે છે. બહાર ઊભેલા માણસને તેમના શરીરનો ઓછાયો પણ ન દેખાય તેવો ગાઢ અંધકાર !

જમવાની થાળી આવે ત્યારે, સાંજના ચા આવે ત્યારે અને સંડાસ જવું હોય ત્યારે-આપણા આ ગુણીબા અંધારા ઓરડામાંથી બહાર આવીને પ્રકાશનો અનુભવ કરે છે. પોતાના મેલાં-ઘેલાં કપડાં ક્યારેક ધોવાનું મન થાય ત્યારે બીજો મેલો ઘેલો સાલ્લો પહેરીને ધીમે-ધીમે થોડા પ્રાણીથી ધોવાનો પ્રયત્ન કરે છે. નવકારનું સ્મરણ કરવા માટેની નવકારવાળી તૂટી ગયેલી. 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના કાર્યકર તેઓને નવી નવકારવાળી લાવી આપે છે. સલામત રીતે ધીમે ધીમે ચાલી શકે તે માટે એક સરસ લાકડી પણ લાવી આપે છે.

ઘણાં વર્ષ અગાઉ રાજનગરથી શત્રુંજયનો નીકળેલો એક સંઘ તેઓ ખૂબ જ યાદ કરે છે. માકુભાઈ શેઠના એ સંઘમાં ગુણીબા અને તેમના પતિ બંને જોડાયાં હતાં અને શત્રુંજયની જાત્રા કરી હતી. જૂની બની ગયેલી કોઈ પણ ઘટનાનો સમય તે માકુભાઈ શેઠના સંઘના સમય સાથે સરખામણી કરીને નક્કી કરે છે. માકુભાઈ શેઠનો સંઘ નીકળ્યો તે અગાઉ તેમના લગ્ન થયાં હતાં કે કોઈક ઘટનાના સંદર્ભમાં તેઓ એમ જણાવે કે માકુભાઈ શેઠનો સંઘ નીકળ્યો હતો, તેના પાંચ વર્ષ પછીની કે દશ વર્ષ પછીની એ ઘટના

છે. આમ માકુભાઈ શેઠનો સંઘ તેઓના જીવનમાં એક સીમા-ચિહ્નરૂપ ઘટના બની ગયેલ છે અને તે ઘટનાની આસપાસ બીજી ઘટનાઓનો સમયક્રમ તેઓ નક્કી કરે છે. ૮૦ વર્ષની ઉંમરે તેઓએ શત્રુંજય તીર્થની જાતે ચડીને યાત્રા કરી હતી. અને આજે પોતાના મકાનના ઓટલા પરથી નીચે પણ નથી ઊતરી શકતા. આવી વાતોનું સ્મરણ કરતાં રડી પડે છે. અને ફરી પાછી એ અંધારા ઓરડાની લાઈટ બંધ થાય છે. મુલાકાતીઓ બહાર નીકળી રહ્યા છે. દૂર-સુદૂરથી એક ગીતની પંક્તિ સંભળાઈ રહી છે -

**"ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા."**

# ધર્મિષ્ઠાબહેન

અમદાવાદના હાર્દ સમા રિલીફરોડ પર આવેલી એક પોળ. મુખ્યત્વે જૈન કુટુંબોની વસ્તીથી જ ભરચક એવી આ પોળમાં ચાર જૈન દેરાસરો છે. જે પૈકીનાં બે દેરાસરો-શાંતિનાથ ભગવાનનું દેરાસર તથા સહસ્રફણા શામળા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર-ચારસો વર્ષથી પણ વધુ પ્રાચીન છે.

આજથી ૨૫ વર્ષ પહેલાં જૈન પર્વોની ઉજવણી ખૂબ જ ઉલ્લાસભેર અને ઉમંગભેર શહેરના આ કોટવિસ્તારમાં થતી હતી. ધીમે-ધીમે રાજનગરના કોટ વિસ્તારની આવી મોટા ભાગની પોળોમાંથી જૈન કુટુંબોની વસ્તીએ નદી પારના પશ્ચિમ વિસ્તારમાં સ્થાળાંતર કરવા માંડ્યું. આજે તો આ પોળોમાં જુદા-જુદા ધંધા-રોજગાર માટેની દુકાનો થઈ ગઈ છે. ક્યાં તો પોળનાં મોટાં-મોટાં મકાનો માલ-સામાન રાખવા માટેનાં ગોડાઉનો બની ગયાં છે. દેરાસરોની માલિકીનાં મકાનોમાં સાધારણ સ્થિતિવાળા અને ભાડે રહેતાં ધર્મનિષ્ઠ જૈન કુટુંબો દ્વારા તથા કેટલાંક આર્થિક રીતે ઘસાઈ ગયેલાં, પોતાની માલિકીનું મકાન હોય તેવાં કુટુંબો દ્વારા આ પ્રાચીન દેરાસરોમાં જિનદર્શન, જિનપૂજા તથા ભક્તિભાવપૂર્વક આરાધના થાય છે.

આ પોળમાં આશરે ૬૦ વર્ષની ઉંમરનાં એક વિધવા બહેન રહે છે. આપણે તેમને ધર્મિષ્ઠાબહેનના નામથી ઓળખીશું. ધર્મિષ્ઠાબહેનના પતિનું મૃત્યુ આજથી દસ વર્ષ અગાઉ થયું હતું.

પોળના એક ભાડાના મકાનમાં પહેલે માળ એક નાનકડી રૂમમાં આ ધર્મિષ્ઠાબહેન ખૂબ જ ધર્મમય જીવન જીવી રહ્યાં છે. નાનકડી એ રૂમ ખૂબ જ વ્યવસ્થિત. ઓછામાં ઓછી ઘરવખરીને કારણે એ નાનકડી રૂમમાં પણ રૂબરૂ મુલાકાત લેનાર આ લેખકને જગ્યાની મોકળાશનો અનુભવ થયો. ધર્મિષ્ઠાબહેનને કોઈ સંતાન થયું નહીં.

મધુર અને મિતભાષી-ચહેરો ખૂબ જ સૌમ્ય. સામાન્યતઃ તંદુરસ્ત દેખાતાં ધર્મિષ્ઠાબહેનને ગર્ભાશયનું કેન્સર છે. પતિનું મૃત્યુ અને કેન્સરની બીમારી – આ બે મહાઆપત્તિઓને ખૂબ જ સમતાપૂર્વક સ્વીકારી લઈને ધર્મિષ્ઠાબહેને જીવનના માર્ગને ધર્મ અને તપશ્ચર્યાના પ્રભાવથી અજવાળ્યો છે. દિવસનો મોટા ભાગનો સમય ઉપાશ્રયમાં, દેરાસરમાં તથા અન્ય ધાર્મિક

વિધિઓમાં પસાર કરે છે. પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ કર્યો છે. વર્ષ દરમ્યાન કોઈ ને કોઈ તપશ્ચર્યા મોટે ભાગે ચાલુ જ હોય છે. ત્રણ ઉપધાન તપ, બે વરસીતપ, એક સિદ્ધિતપ, એક શત્રુંજય તપ તથા અન્ય-એવી કેટલીય તપશ્ચર્યાઓ તેમણે કરી. પાલીતાણામાં બે વાર ચોમાસાં કર્યાં. શત્રુંજયતીર્થની ૯૯ યાત્રા કરી. પગપાળા સંઘ યાત્રાઓમાં-પાલીતાણા-કચ્છ-ભદ્રેશ્વર વગેરે તીર્થયાત્રાઓ કરી. જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરેનો નિત્યક્રમ તો ચાલુ જ રહ્યો છે.

પતિના મૃત્યુ બાદ જે કાંઈ બચતરૂપે મૂડી હતી તેમાંથી દર મહિને ૩૦૦/- રૂપિયાની રકમનું વ્યાજ મળે છે. તે સિવાય અન્ય કોઈ આવક નથી. કેન્સરના કારણે દવા અને દૂધનો જ ખર્ચ રૂ. ૫૦૦/- થી વધુ થઈ જાય છે.

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટ તરફથી દરમહિને નિયમિત રૂ. ૫૦૦/-ની રકમ પહોંચાડવામાં આવે છે. દર મહિને આ રકમ મળવાની જ છે તેવી નિશ્ચિતતાને કારણે સમતા ભાવ વધુ ટકી રહ્યો છે.

ધર્મિષ્ઠા બહેનની જીવનયાત્રા ધર્મ અને તપશ્ચર્યાના પ્રભાવથી વધુને વધુ મંગલમય બને તેવી શાસ ;દેવને પ્રાર્થના...

# આનંદભાઈ-પ્રેમીલાબહેન

આજથી ૭૭ વર્ષ પહેલાં સુરેન્દ્રનગર-વઢવાણ કેમ્પમાં તેમનો જન્મ થયો હતો. આજે પણ તેઓને પોતાની જન્મતારીખ બરાબર યાદ છે— તા. ૪-૧-૧૯૨૧. આપણે તેઓને આનંદભાઈના નામથી ઓળખીશું.

આનંદભાઈ સાત વર્ષની ઉંમરના હતા અને કુટુંબ અમદાવાદમાં આવીને વસ્યું. પિતા સારંગપુર મિલમાં નોકરી કરતા હતા. આનંદભાઈ સાત ચોપડી ભણ્યા અને પછી નોકરી શરૂ કરી. શરૂઆતમાં તેમનું કુટુંબ ઝવેરીવાડમાં આવેલી આંબલી પોળના એક મકાનમાં ભાડે રહેતું હતું.

લોખંડના ધંધાના એક જાણીતા વેપારીને ત્યાં આનંદભાઈ નોકરી કરતા હતા. આંબલી પોળના પ્રસિદ્ધ ઝવેરી કુટુંબની પ્રસંગોપાત્ત ઘણી ઓથ તેઓને મળતી હતી.

આનંદભાઈની ૨૧ વર્ષની ઉંમર. તે સમયે ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળ શહેરમાં પણ ચાલી રહી હતી. આનંદભાઈ સત્યાગ્રહમાં પણ જોડાયા. ઝવેરીવાડ વિસ્તારમાં રહેતા શ્રી જયંતિભાઈ દલાલની સાથે તેઓ ૧૯૪૨ની આ ચળવળમાં ઘણા સક્રિય રહ્યા. તે સમયે પત્રિકાઓ આપવા માટે છાપરાઓ ઠેકી ઠેકીને ઝવેરીવાડથી છેક ધનાસુથારની પોળ સુધી પહોંચી જાય અને બીજી તરફ છેક ખાડિયા ચાર રસ્તા સુધી પણ પહોંચી જતા. તેમના મામા સુરેન્દ્રનગર-વઢવાણ કેમ્પ વિસ્તારમાં આ ચળવળ દરમ્યાન ખૂબ જ સક્રિય હતા. મામા જેલમાં પણ ગયેલા. તે સમયે અંગ્રેજ સરકાર વિરુદ્ધ જે રમૂજી ગીતો ગવાતાં હતાં તેવું એક ગીત આજે પણ તેમને યાદ છે.

દેશ સ્વતંત્ર થયો અને આજે પચાસ વર્ષ વીતી ગયાં તેનું સરવૈયું ખૂબ જ ટૂંકમાં તેઓ પોતાની આગવી શૈલીથી રજૂ કરે છે : “મહાત્મા ગાંધી પોતાની સાથે જ રેંટિયો લઈ જતા રહ્યા ! જવાહરને લાગ્યું કે બે બળદિયા છૂટા કરો તેથી ગાય અને વાછડું લાવ્યા, અને ઇન્દિરા વખતે પંજો આવ્યો. આ પંજાની થપાટ જેટલી જોરથી મારી શકાય તેટલી પ્રજાના ગાલ ઉપર લગાવવામાં આવી.”

આનંદભાઈનાં ૨૭ વર્ષની ઉંમરે લગ્ન થયાં. તેમનાં પત્નીને

આપણે પ્રેમીલાબહેનના નામથી ઓળખીશું. એક કસુવાવડ થઈ. અને ત્યાર બાદ કોઈ સંતાન થયું નહીં. આનંદભાઈએ સતત ૪૦ વર્ષ સુધી એક જ જગ્યાએ નોકરી કરી. લોખંડના એ વેપારી. સ્વભાવે ખૂબ જ માયાળુ હતા.

એમના આ શેઠ દર વર્ષે માઉન્ટ આબુ જાય અને તેમને ત્યાં નોકરી કરનાર સૌ સ્ટાફના સભ્યોને પણ માઉન્ટ આબુ લઈ જાય. આનંદભાઈ ચાલીશ વર્ષમાં ચાલીશ વાર માઉન્ટ આબુ ગયા છે. દેલવાડાની ધર્મશાળામાં રહે, અચલગઢ પણ જાય. અચલગઢમાં શાંતિવિજય મહારાજ સાહેબ જ્યારે બિરાજમાન હોય ત્યારે તેઓનાં દર્શન અને વંદન કરવા પણ જાય. બે વાર શાંતિવિજય મહારાજ સાહેબના હાથનો આનંદભાઈના મસ્તક પર આશીર્વાદ આપવા માટે સ્પર્શ થયો છે.

પ્રેમીલાબહેનની ઉંમર આશરે ૬૫ વર્ષની છે. આ દંપતીને જુદાં-જુદાં ભાડાનાં મકાનોમાં સ્થળાંતર કરવું પડ્યું. ઝવેરીવાડ, ત્યાંથી જમાલપુર-આણંદજી કલ્યાણજીના બ્લોક્સમાં, વળી માંડવીની પોળમાં આવેલી કાકાબળિયાની પોળમાં અને ત્યારબાદ સાબરમતીમાં. સાબરમતીમાં સો રૂપિયાના ભાડાનું મકાન તેઓને મળ્યું. તે મકાનમાં બે વર્ષ રહ્યા. એક વાર મકાનમાલિકે સામાન્ય વાતચીતમાં થોડીક વક્રતા દાખવી. દરમિયાન સાબરમતીના એક સેવાભાવી જૈન અગ્રણીએ ૭૫ વારનો જમીનનો એક નાનકડો ટુકડો રૂ. એક હજારની કિંમતમાં ખરીદ કરવાનો ખાસ આગ્રહ કર્યો અને તે પ્લોટમાં આગળની થોડીક જગ્યા મ્યુનિસિપાલિટીની લાઇન દોરીમાં આવતી હતી તેટલો ભાગ છોડીને બાંધકામની મંજૂરી માટે મ્યુનિસિપાલિટીમાં કાર્યવાહી કરી.

ઈ૦ સ૦ ૧૯૬૩ની સાલમાં સિમેન્ટની થેલીનો કન્ટ્રોલભાવ રૂ. ૩ હતો અને કાળા બજારનો ભાવ રૂ. ૫ હતો ત્યારે આનંદભાઈએ પોતાનું નાનકડું મકાન ત્યાં બાંધ્યું. જગ્યાની કિંમત સાથે તે મકાન તે સમયે રૂ.૧૨,૦૦૦/-ની કિંમતનું થયું હતું.

સાબરમતીના પોતાના આ મકાનમાં આનંદભાઈ અને પ્રેમીલાબહેન ખૂબ જ શાંતિથી પોતાનું જીવન પસાર કરી રહ્યા છે અને નિયમિત દર વર્ષે જાત્રાઓ કરે છે. શત્રુંજયની જાત્રા ૪૦થી પણ વધુ વખત તથા જૂનાગઢની સાત વખત જાત્રા કરી. ઉપરાંત કચ્છ, ભદ્રેશ્વર, કાવી, ગાંધાર, ઝઘડિયા, અકોલા, રાણકપુર તથા મારવાડના બીજાં ઘણાં તીર્થોની જાત્રા કરી.

રાણકપુરમાં આનંદભાઈ અને પ્રેમીલાબહેને આંબેલની ઓળી કરી. તે પ્રસંગ યાદ કરતાં આનંદભાઈ કહે છે કે 'એવી ઓળી કોઈ ઠેકાણે નથી કરી !'

ખૂબ જ શાંતિથી ધર્મમય જીવન આ દંપતી સાબરમતીમાં જીવી રહ્યું હતું. બંનેએ સાથે ત્રણ વર્ષીતપ કર્યાં, સિદ્ધિતપ પણ કર્યાં અને બંનેએ સાથે ૫૦૦ આંબેલ કર્યાં. પ્રેમીલાબહેને બે ઉપધાન પણ કર્યાં. અઠ્ઠાઈઓ પણ ઘણી કરી.

...આનંદભાઈની આંખે મોતિયો શરૂ થયો. દરમિયાન પગે ફ્રેક્ચર થયું અને બંનેનાં જીવનમાં જાણે આપત્તિનો કાળ શરૂ થઈ ગયો. ચાલીસ વર્ષની એકધારી નોકરીમાંથી નિવૃત્તિ મળી હતી. શરૂઆતમાં થોડીક મૂડીથી લોખંડનો ધંધો શરૂ કર્યો. પરંતુ ઉઘરાણીનો પ્રશ્ન વધુ વિકટ બનવા માંડ્યો. આંખે મોતિયો, પગે ફ્રેક્ચર, આવકનું કોઈ સાધન રહ્યું નહી. બચત કોઈ હતી નહીં. એક જ ઉપાય રહ્યો. સાબરમતીનું એ મકાન વેચવું, જે રકમ આવે તેમાંથી થોડીક રકમ બાજુએ રાખી ઓછી કિંમતનું બીજું નવું મકાન ખરીદવું. અને આનંદભાઈએ રૂપિયા સાઠ હજારમાં સાબરમતીનું એ મકાન વેચ્યું. અને ચાંદખેડાના વિસ્તારમાં રૂપિયા ચાળીસ હજારની કિંમતનું મકાન લીધું. તે સમયે તેઓને ૫૦૦ આંબેલનું વ્રત ચાલતું હતું. બે નાની-નાની રૂમો અને પાછળના ભાગમાં સંડાસ અને આગળના ભાગમાં નાનકડી પડસાળ-એવાં હારબંધ મકાનોની સોસાયટી. સગાં-વહાલાંઓ અને સ્વજનોને આ લાંબા અંતરે આવવાનું પણ ઓછું બનતું ગયું. એ વિસ્તારમાં જૈન કુટુંબોની વસ્તી ઘણી ઓછી. ધીમે-ધીમે જાણે આ કુટુંબ સામાજિક રીતે છૂટું પડતું ગયું, ભુલાતું ગયું.

આનંદભાઈની ઉંમર આજે ૭૭ વર્ષ અને પ્રેમીલાબહેનની ઉંમર આશરે ૬૫ વર્ષ. ચાંદખેડા વિસ્તારના તેમના પ્લાસ્ટર વિનાના મકાનમાં આ પુસ્તિકાના લેખક તથા 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના અન્ય કાર્યકર ભાઈ-બહેનો એક સવારે બેઠાં છે. સૌથી આગળના રૂમમાં જાત-જાતની જૂની ચીજવસ્તુઓ તથા નાની-મોટી પેટીઓ, જૂની રજાઈઓ, જૂનાં ઓશીકાં, એક બાજુ દીવાલને અડીને આનંદભાઈનો પલંગ, તેની અડોઅડ જ એક બાજુ નાનકડી પાટ, બેસવા માટે એક નાનકડું સ્ટુલ, એક જૂની ખખડધજ થઈ ગયેલી ખુરશી; પલંગ તરફની દીવાલ પર શંખેશ્વર પાર્શ્વનાથ તથા પદ્માવતીદેવીના

ફોટા ઉપરાંત આનંદભાઈ અને પ્રેમીલાબહેનનો જુવાન વયનો સંયુક્ત કલર ફોટો, તો તેની સામેની દીવાલ પર આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી, આચાર્યશ્રી નંદીવર્ધનસૂરિના ફોટોગ્રાફ્સની ફ્રેમ નજરે પડે છે.

મેલી જૂની ચાદર પથરાયેલી છે અને તેના પર જૂની મેલી લુંગી પહેરીને આનંદભાઈ બેઠા છે. કાનમાં ઘણી બહેરાશ આવી ગઈ છે. મોતિયાને કારણે આંખનાં અજવાળાં ઓછાં થઈ ગયાં છે. અને પગનું ફ્રેક્ચર ! આનંદભાઈ સાથેની વાતચીતમાં ક્યાંય નિરાશાનો-હતાશાનો કે વેદનાનો સૂર સંભળાતો નથી. આતિથ્યનો ભાવ તો એટલો બધો કે આ મુલાકાત લેનારાઓને નાસ્તો કર્યા વિના ઊઠવા ન દીધા ! આનંદભાઈની ભાવના આજે પણ એવી કે કોઈને કંઈક આપવું. નોકરી કરતા હતા ત્યારે કોઈ ભૂખ્યો માણસ એમની ઑફિસમાં આવે કે ઘરના આંગણે આવે ત્યારે બહારથી ખાવાનું લાવી આપીને આવનારની આંતરડી ઠારે. આજે પણ સ્થિતિ સારી નથી છતાં એક ડબ્બામાં પીપરમીંટ-ચોકલેટ રાખે. અને આજુબાજુના ગરીબ કુટુંબના છોકરાઓ ક્યાંક બેઠા હોય તો તે પીપરમીંટ-ચોકલેટ આપે. તેઓને હંમેશાં આપવું જ ગમ્યું છે અને છતાં આજે કંઈક લેવાનો સંજોગ ઊભો થયો છે. એવા સંજોગોને પણ ખૂબ જ સહજતાથી તેઓએ સ્વીકાર્યા છે.

પ્રેમીલાબહેન પ્રાઇમસ પર રસોઈ કરે. કપડાં ધુએ, વાસણ કરે અને વેચવા માટે નાસ્તો બનાવે. અગાઉ સાબરમતીમાં જે સોસાયટીની નજીક રહેતા હતા તે વિસ્તારમાં તે સમયના તેમના પરિચિત કુટુંબીજનોને પ્રેમીલાબહેને બનાવેલો નાસ્તો ખૂબ જ પસંદ છે. ખડખડિયાં, ખાખરા, મસાલાપુરી, સુખડી ઉપરાંત વડીઓ, ખીચીયાં વગેરે વસ્તુઓ બનાવે છે. ચાંદખેડાથી બસમાં બેસીને સાબરમતી આવે છે અને નાસ્તાની આ વસ્તુઓનું કેટલાંક ઘરોમાં વેચાણ કરે છે. જોકે હવે ઑર્ડર પ્રમાણે જ વસ્તુઓ બનાવે છે. કોઈ પણ નાસ્તો સ્ટોકમાં પડ્યો રહે તે પરવડતું નથી. અને તેથી ખૂબ જ મર્યાદિત વેચાણ થાય છે. પરંતુ, મહેનત કરીને જે થોડીક પણ કમાણી થાય છે તેનાથી પ્રેમીલાબહેનનો આત્મવિશ્વાસ-વધે છે. જીવવા માટેનું બળ પણ વધે છે. સંઘર્ષો સામે લડવાની તાકાત પણ વધે છે. ક્યારેક પ્રેમીલાબહેનની સાથે ખૂબ જ ધીમે-ધીમે લાકડીના સહારે આનંદભાઈ પણ બહાર જાય છે.

મકાનની પડોશમાં રહેતા એક કુટુંબે ડ્રેનેજ લાઇન સાથે કંઈક એવાં ચેડાં કર્યાં છે કે બાજુમાં રહેતાં આનંદભાઈ અને પ્રેમીલાબહેનના ઘરની ડ્રેનેજ લાઇન ઊભરાઈ જાય છે અને ખૂબ જ દુર્ગંધ મારે છે.

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના ઉપક્રમે છેલ્લાં ચાર વર્ષથી નિયમિત દર મહિને આ કુટુંબને રકમ પહોંચાડવામાં આવે છે. ૨૧-૨૨ વર્ષની ઉંમરની ડિપ્લોમા એન્જિનિયર થયેલી, ભાવનાશીલ જૈન કુટુંબની એક યુવતી 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના એક અદના કાર્યકર તરીકે આ કુટુંબની દેખરેખ રાખવા માટે નિયમિત મુલાકાત લે છે. મહિનામાં બે કે ત્રણ વાર નિયમિત આ કુટુંબની રૂબરૂ મુલાકાત લે છે. આનંદભાઈને પોતાના દાદા બનાવ્યા છે અને પ્રેમીલાબહેનને બાના નામથી સંબોધે છે. પ્રેમીલાબહેન પોતાના નાસ્તાનું વેચાણ કરવા માટે સાબરમતી જાય ત્યારે કોઈક વાર કેશવનગર નજીક રહેતી આ જૈન યુવતીના ઘરે પણ જાય. આવાં કુટુંબો અને 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટના સંનિષ્ઠ, સેવાભાવી, સમર્પિત કાર્યકર ભાઈ-બહેનો વચ્ચેના સંબંધનું એક નવું પરિમાણ ઉદ્ભવ્યું છે—વિસ્તર્યું છે...

આનંદભાઈ રોજ નિયમિત નવકારમંત્રનું સ્મરણ અને નિયમિત નવ વાર નવકારવાળી ગણે છે. આજે પણ તેઓને સમેતશિખરની જાત્રા કરવાની હામ છે. પગે ફ્રૅક્ચર, કાનમાં બહેરાશ, આંખે ઝાંખપ અને આર્થિક બેહાલી—આવા વિષમ સંજોગોમાં પણ આશા અને ઉત્સાહનો આનંદભાઈનો સૂર ઘરની એ ચાર દીવાલોમાં પણ મંગલ વાતાવરણ ઊભું કરે છે.

આનંદભાઈનો આનંદી સ્વભાવ અને પ્રેમીલાબહેનનું પ્રેમાળ વ્યક્તિત્વ મુલાકાત લેનારાઓને પણ અકથ્ય આનંદ અને પ્રેમનો અનુભવ કરાવે છે.

પ્રેમીલાબહેનનું પ્રેમાળ વ્યક્તિત્વ અને આનંદભાઈની પ્રસન્નતા હંમેશ માટે ટકી રહે તેવી આપણે સૌ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ...

# કલાવતીબહેન

આજથી ૭૬ વર્ષ પહેલાં પાલીતાણા નજીકના એક નાનકડા શહેરમાં તેમનો જન્મ થયો હતો. આપણે તેઓને કલાવતીબહેનના નામથી ઓળખીશું.

કલાવતીબહેનનાં લગ્ન ૧૯ વર્ષની ઉંમરે થયાં હતાં. પતિને કાપડનો છૂટક ધંધો હતો. કાલુપુર ટંકશાળના વિસ્તારમાં નાનકડી એક ભાડાની દુકાન હતી. તેમને ચાર છોકરા અને બે છોકરીઓ સંતાનમાં હતાં. ચારેય છોકરાઓ અકાળે મૃત્યુ પામ્યા. એક છોકરો ત્રણ વર્ષની ઉંમરે, બીજો આઠ વર્ષની ઉંમરે, ત્રીજો નવ વર્ષની ઉંમરે અને ચોથો બાર વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. બે છોકરીઓને મોટી કરી.

કલાવતીબહેનની ઉંમર ૩૭ વર્ષની હતી ત્યારે તેમના પતિનું મૃત્યુ થયું. પતિને પેટમાં ગાંઠ થઈ હતી. બે વર્ષ બીમાર રહ્યા. ગાંઠ ફાટી અને મૃત્યુ પામ્યા. એ બે વર્ષની બીમારીમાં જે કોઈ બચત થઈ હશે તે બધી વપરાઈ ગઈ. બે વર્ષનું દુકાનનું ભાડુ ચડ્યું. તેના કારણે મકાન માલિકે કેસ કર્યો અને દુકાન મકાન-માલિકને પાછી સોંપવી પડી.

અમદાવાદ શહેરના ગાંધીરોડ ઉપરના ભરચક વિસ્તારમાં જ્યાં આજુ-બાજુ અનેક જૈન દેરાસરો અને ઉપાશ્રયો આવેલાં છે ત્યાં એક મકાનના ત્રીજે માળ કલાવતીબહેન પોતાનું જીવન પસાર કરી રહ્યાં છે. બે દીકરીઓ પરણાવેલી છે. બંને બહારગામ છે. દીકરીઓની આર્થિક સ્થિતિ સામાન્ય છે.

મકાનમાં પહેલે માળના દાદર તથા બીજે માળના દાદરમાં ખૂબ જ અંધારું રહે છે. છેલ્લાં વીસ વર્ષથી કલાવતીબહેન ઘરમાં વીજળીના દીવા વિના ફાનસના અજવાળે જીવે છે. અગાઉ પહેલા માળના તથા બીજા માળના જે ભાડવાત કુટુંબ હતાં તેઓનો વીજળીનો વપરાશ વધારે હતો અને કલાવતીબહેનને બિલની રકમ પેટે સરખે ભાગે પૈસા આપવા પડતા હતા. તેથી તેઓએ તે સમયે પોતાનું વીજળીનું કનેક્શન બંધ કરાવી દીધું. આજે એ બે ભાડવાતોની રૂમો બંધ છે. તેઓ સ્થળાંતર કરીને બીજે રહેવા ચાલ્યા ગયા છે. ત્રણ માળના એ મકાનમાં કલાવતીબહેન ત્રીજે માળે એકલાં રહે છે અને પ્રાઇમસ પર જાતે રસોઈ કરે છે. ત્રીજે માળના મકાનની છત

નળિયાવાળી છે. લાકડાંનાં વળિયાં પર ગોઠવેલાં નળિયાં ક્યાંક ક્યાંક તૂટી ગયેલાં હોઈ અને તેના કારણે વરસાદનાં પાણી ઘરની દીવાલોમાં ઊતરે છે. કેટલાંક વર્ષ અગાઉ કલાવતીબહેને ઘરમાં વીજળીનું કનેક્શન ચાલુ કરાવ્યું. વર્ષો જૂના એ ફીટીંગ્સને કારણે વરસાદનાં પાણીથી ભીની થયેલી દીવાલોમાં વીજળીનો કરન્ટ લાગ્યો... અને એવો તો ડર પેસી ગયો છે કે હવે ફરી વીજળી ચાલુ કરાવવાની તેમની હિંમત પણ ચાલતી નથી.

કલાવતીબહેનને રોજ પાંચ-છ વાર કે ક્યારેક તેથી પણ વધુ વાર આ ત્રણ દાદરની ચડ-ઊતર કરવી પડે છે. શાક લેવા, દૂધ માટે, અનાજ દળાવવા માટે, ઉપાશ્રયમાં જઈને રોજ બે વાર સામાયિક કરવા માટે દાદર નીચે ઊતરવો પડે છે. શરીર ખૂબ જ વાંકું વળી ગયું છે. બે વાર ઑપરેશન કરાવવા પડ્યાં છે. પેટમાં એક મોટી ગાંઠનું અને બીજી વાર ગર્ભાશયની કોથળી કઢાવવા માટેનું ઑપરેશન. આંખે હવે ઝાંખું દેખાય છે. મોતિયાનું ઑપરેશન કરાવ્યું તો પણ ઝાંખું દેખાય છે. દાંત થોડાક રહ્યા છે. કબજિયાતનું દર્દ વર્ષો જૂનું ! છેલ્લા કેટલાક સમયથી હાથમાં ધ્રુજારી રહે છે. કબજિયાતના કારણે મગ સિવાય કોઈ કઠોળ રસોઈમાં બનાવતાં નથી.

સાંજે રોજ પ્રતિક્રમણ કરવા પોળના ઉપાશ્રયમાં જાય છે. તે સમયે પહેલાં માળના દાદર ઉપર ફાનસ મૂકી રાખે છે જેથી રાત્રે પાછા આવતાં ફાનસના અજવાળે ધીમે ધીમે દાદર ચડી શકાય.

એકલવાયું જીવન ઘણી વાર ચિંતા કરાવે છે. કોઈક વાર વિચારે ચડી જાય છે તો મનથી ખૂબ ઢીલા પડી જાય છે. આંખમાં આંસુની ધાર વહેવા માંડે છે. તેઓ કહે છે કે મેં નવ વ્યક્તિઓને ભગવાનના ઘેર વળાવ્યા. પતિને વળાવ્યો, જેઠને વળાવ્યો, જેઠાણી ગયાં, સાસુને વળાવ્યાં, નણદોઈ ગયા, અને પોતાનાં ચાર છોકરાં તો ખરા જ. અને હવે આજે... એમને...

પાર્શ્વનાથ ભગવાનમાં તેમની અખૂટ શ્રદ્ધા છે. રોજ પાર્શ્વનાથ ભગવાનના ફોટાનાં દર્શન કરીને જ તેમનો દિવસ શરૂ કરે છે.

મુલાકાત લેનાર સૌને તેઓ "**જય જિનેન્દ્ર**" કહીને વિદાય આપે છે.

# અપીલ

'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં આપશ્રી પણ સક્રિય રસ લઈ શકો છો -

- પુસ્તિકામાં જણાવ્યા મુજબના જૈન કુટુંબની માહિતી મોકલીને.
- આપના મિત્રવર્તુળમાં તથા સ્વજનોને 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટની પ્રવૃત્તિથી વાકેફ કરીને.
- 'ખંડેરમાં સર્ચલાઇટ' પુસ્તિકાના પ્રકાશન માટે આર્થિક સૌજન્ય દાખવીને. (**નોંધ** : પુસ્તિકામાં આર્થિક સૌજન્ય દાખવનાર દાતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવે છે.)
- 'વાત્સલ્ય-નિધિ' ટ્રસ્ટને આર્થિક સહયોગ આપીને (ચેક/ડ્રાફ્ટ **'વાત્સલ્ય-નિધિ'** અથવા અંગ્રેજીમાં 'VATSALYA NIDHI'ના નામનો મોકલવા વિનંતી)

કાળની ઝપટમાં મોટા મોટા મહેલ ધીમે-ધીમે ખંડેર બની જાય છે. ખંડેર પાસેથી પસાર થનાર વ્યક્તિને મહેલની કલ્પના આવી શકે છે. ખંડેરનું વર્તમાન સ્વરૂપ જોઈ શકે છે. મહેલમાંથી ખંડેર બનવાનાં કારણોની આછેરી અને અધૂરી કલ્પના પણ કરી શકે છે. પરંતુ કાળના ફલક પર એ સમગ્ર પ્રક્રિયા એકસાથે આત્મસાત્ થઈ શકતી નથી.

એવું જ માનવ જીવનનું છે. આપણી આજુબાજુ અનેક લોકો દુ:ખી હોય છે. વિષમ પરિસ્થિતિમાં જ જીવન પસાર કરતા હોય છે. કેટલીક વ્યક્તિઓના ભવ્ય ભૂતકાળની આપણને જાણ પણ હોય છે. ખંડેરમાં પથરાયેલો વર્તમાન પણ આપણી આંખ સમક્ષ હોય છે. તેમ છતાં આપણી સંવેદનશીલતા જાગ્રત થતી નથી. જો તે સમગ્ર પ્રક્રિયા તેના પૂર્ણ-યથાર્થ સ્વરૂપે કોઈ એક ક્ષણમાં જ આપણે આત્મસાત્ કરીએ - કરી શકીએ તો કદાચ સંવેદનશીલતા જાગ્રત થાય.

જૈન સમાજના અંધારા ખૂણામાં પડેલાં, એકાકી જીવન જીવતાં આ પાત્રો આપણને સ્પષ્ટ દેખાતાં નથી. તેના પર આ 'સર્ચલાઈટ' છે.

જૈન સમાજનું સૌને યથાર્થ દર્શન થાય એ જ અભિગમ છે. આ સત્ય ઘટનાઓ વાંચીને સૌ પોતપોતાની રીતે વિચાર કરે, મનન-મંથન કરે, સંવેદન અનુભવે, ભીતરમાં 'વાત્સલ્ય' ભાવ પ્રગટે... અને શક્ય હોય તે સક્રિય બને.....